કે ગોકુળ મેહેલીને મથુરાં ગયાં; કેત્યાંજઈને મોટા પ્રાક્રમકીધાં જો

કે મલ ર્દાડાએ મામો મારીઓ; કે માતપીતાને આહાસુખદીધાં જો;
ઓધવ; ૩

કે જાણે હજનર વર સતી ડોસલી; ફેફે કરતી ફાફૂળ આવે જો;

કે [illegible] જો, [illegible]
ઓધવ; ૪

સાતવાર

આદીતે આનંદ સહ્યરકહુંછુંરે

મારે ગીરધરશું ઘરવાસ વ્રજમાં રહુંછું રે
સોમે પાંમ્યા સુખશીવજી ફળીયારે
નંદજી નો લાલ મુજને મળીયા રે
આ મંગળે મને હેત હરીશું લાગ્યું રે
આ રદય કમળનું બાંણુ હઈયે વાગ્યું રે
આ બુધ આવ્યો સુત જોવા જઈયે રે
આ છાંનીકરીએ ગુજ વાહલાં થઈએ રે
આ બ્રહસ્પતી ગુરૂ પ્રતાપ સુખછે સહુને રે
આ સખી વધો આનંદ રાધા વહુને રે
શુકરના સરવ બોલ સૌને ગમતા રે
આબેતાળી હાથ રજની રમતા રે

આશની શ્વરે સંદેશો હરીને કહાવ્યો રે
આ જોગ બન્યો છે આજ રમવા આવો રે
આ સાત વાર જે ગાય નરને નારી રે
તેનો વૈકુંઠ વાસજ થાય દેવ મોરારી રે

આઠ વાર (કારતગે કાજળ નતજીનું એ રાગ.)

આદીતે અકળ કળાતારી, જાઉં રે હું તો વદન કમળ વારી
ત્રીકમજી હું તો છું તારી. આવોને ઘેર જસોમતીના જાયા,
મને તારી લાગી છે માયા. આવોને. ટેક. ૧
સોમે તો સાજે સોહાગી. મને તો તારી લેહ લાગી
કટારી કાય જડે વાગી આવોને. ૨
મંગળે તો મન વિચાર કરીયે, ધીરજ તો કેમ પેર ધરીએ
દીવસ રાત રોઈ રોઈને મરીએ, આવોને. ૩
બુધે તો બુદ્ધિ વિચારી દુઃખ રે મારું દાલ મધે નાંખ
વેદ અગનીમાં શીદ બાળો આવોને. ૪
ગુરૂવારે ગુણ ગાઉં તારા અવગુણ શા છે હમારા
આંખે રેહે છે આંસુનીધારા. આવોને, ૫
શુક્રરે શું કરીએ હેલી નમેરો તો નાથ ગયા મેલી
હવે મારૂં કોણ થશે બેલી આવોને. ૬
શનીવારે સામળીઓ આવ્યા થાળ ભરીમોતીડે વધાવ્યા.
ગોપીના સુખસાગર કાવ્યા: આવોને ૭
સાતેવાર સમજીન ગાશે: તેના સહુ દુઃખ દાળીદ્ર જાશે
કવીકહે સુખ સંપત થાશે: આવોને. ૮

આઠવાર: રાગ ઊપરનો.

આદીતે નમું હું તુંને ધારી: હું તો દાશી જાઉં બલિહારી:
વારે વારે જાઉં હું તો વારી: આવોને ઘેર નંદતણાલાલા: ટેક: ૧

સોમે સોભા સોભારી: મને લેહે લાગી તમારી
કાલજડે વાગીછે કટારી: આવોને: ૨
મંગળે ધ્યાન તમારૂં ધરીએ: આવીને સાથે હમોને કરીએ
વાલા વિના રોઈરોઈને મરીએ: આવોને. ૩
બુધે તો સુધી નથી મારી: દુ:ખ મનમાંનો વધાર્યા
હવે મુજને લ્યોને ઉગારી: આવોને: ૪
ગુરૂવારે માળા ભજું તારી: શે અવગુણે તો વીસારી
પ્રભુ તમે વિનતી સુણો મારી: આવોને: ૫
સુકરે સુજ નપરે હેલી પ્રભુ નમેરા થઈ ગયા મેલી
હવે નથી કોઈ મારૂં બેલી આવોને: ૬
શનીવાર હેત મુજપર લાવ્યા. પ્રભુજી મારે મેગતો આવ્યા
મોતીના થાળ ભરી વધાવ્યા: આવોને: ૭
સાતે વાર જે કોઈ ગાશે: જનમો જનમ નાં પાપ્ચાત નાશે
કેહે કાંગો સુખીઆં ઘણાં થાશે: આવોને: ૮

સાતવાર

(રઘુપતી રાંમ રૂદેમાં રેહેજોરે એ રાગ)

રાધે કહ્યું માનની તું મારૂ રે એમાં સુખ છે તેનુંને તારૂં
રાધે કહ્યું માનની તું માંરૂરે;
શાંને રીસ ચઢીછે આવીરે: નથી મુકતી માન મનાવીરે
તેનું કારણ કેની બતાવી રાધે કહ્યું: ૧
રવી પ્રગટ થાશે ઘડી એમાંરે પછી દિવસ જશે ક્યમ ધાંહમાંરે
તેનુ જોની વિચારી રૂદેમાં: રાધે કહ્યું: ૨
સોમને મનસુખો આવેરે: પ્રતી ઉત્તર કાંઇ ન બતાવેરે
કેહેતો તેમની પાઘ મનાવે રાધે કહ્યું: ૩
સોમે શાંને આશંન કરયુંછેરે આશું નેત્રમાં નીર ભરયુંછેરે

દુ:ખ આવડું આને થયુંછે: રાધે [illegible] ૪

સુધ ક્યાં ગઈ સઘળી તારીરે એઠી પીઉ સંગ રોસ વધારીરે
એતો બન્યો ને દુ:ખ કારી રાધે [illegible] ૫

ક્રૂર થઈન સહુને સાંદેતીરે તેનું ક્યમ થઈછે હસેતીરે
તેનું કારણ ક્યમ નથી કેતી; રાધે [illegible] ૬

શું કરશે હાંવાં મને બોલાવીરે રાખી મુગટમાં મનની બાવીરે
દીધું માનનું મુલ બતાવી; રાધે [illegible] ૭

એમ સુણી સખી કેતું ઘેલીરે; તેતો તારૂ પ્રતી બીજું હેલીરે
ફરી દેખાડું ચાલ સાહેલી રાધે [illegible] ૮

એમ સુણી માંમા અઢળક ઢળીઆંરે જઈ પ્રાંણ પ્રીતમજી ને મળીઆંરે
બધે સુખ રા ધુંમાં ભળીયાં: રાધે [illegible] ૯

આતબાર ને માન ચરીત્રરે સુણતાં સહુ થાય પવીત્રરે
લો રામની લીલા વિચીત્ર: રાધે [illegible] ૧૦

રણછોડજી ની તથી।

સખી પડવે [illegible] કોઈ જાણે
રૂડા રણછોડજી ના ધર્મ વેગે વખાંણુરે; ૧
સખી બીજે [illegible] બોલ કેહુછે એમારે
[illegible] તો રેહુશે તોજ ઉપજે એમ રે; ૨
સખી ત્રીજે [illegible] ને ઘ્યારાંરે
હાથમાં વાજે હરીના જન શોભે સારે ૩
સખી ચોથે ચાલ્યા જાય વરમી વાટેર
રૂદયમાં રણછોડ રાય મળવા માટેરે ૪
સખી પાંચમે પળ્યા પંથ તડકાતન માંરે
શેવા કરે હરીના જન મારા મનમાંરે, ૫
સખી છઠે તે છાંયા અંગ ઘણી નાં ધરીયાં રે
રાખે રૂદીયા સાથે રંગ હવેમન હરીયાંરે ૬

સખી સાતમે સુંદર સ્યામ મોહન મણીયારે
હું તો આવીશ તમારે ગામ ફેરા ફળીયારે ૭
સખી આઠમે જોડી વેહેલ બળવંત બેઠારે
પુર્વ દેશમાં કરી મેહેર પંથમાં પેઠારે ૮
સખીનુમેનમ્યા જાય આણી રાખેરે
સેવક સુતા સાંગી માંડી હરી રથ હાંકેરે ૯
સખી દશમે આવ્યા ડાકોર હરજી રશીયારે
તે ઠેકાંણે ઠાકોર વાલો મારો વશીયારે ૧૦
સખી એકાદશી નાં [illegible]ન ગુગળા ઘેરયારે
મધરાતે આવ્યા મ[illegible]રાજ હરણ હેરારે ૧૧
સખી બારશે [illegible] છે માસ સેવકથાં છાંનાંરે
સોંનું તો સવા પાવ પુજીમાં પામ્યારે ૧૨
સખી તેરશે ગુગળા ઘેર પાછા ફરીયારે
[illegible] ૧૩
સ[illegible] પર [illegible] પ્રેમ પાધારે
હરી [illegible] ન કીધારે ૧૪
[illegible]
[illegible] ૧૫
[illegible]
[illegible] ૧૬

[illegible]

પડવે તમારૂં નાંમ હું રહી ભાખ્યાંરે
આ ભર દરીયા ની માંય [illegible] ૧
બીજે તમારૂં ધ્યાંન હું નવ ચુકીરે
હું અબળા છું નાર રખડતી મુકીરે ૨

બીજે તમારી વાટ જોઇજોઈ થાકીરે
નથી મુકીમેં એક વાત કાંઈ એક બાકીરે ૩
ચોથે પ્રભુ ચીંતા મનમાં બહુ ધારીરે
હું શું કરૂં આધાર ઘણી દુખી યારીરે ૪
પાંચમે પ્રભુ પાતળા ઘેર આવોરે
હુ જોઉં તમારી વાટ હેત ચીતમાં લાવોરે ૫
છઠે છોગાળા છેલ છબીલા મારારે
હું ઝુરૂં દીનને રાત વિના તમારારે ૬
સાતમે સંતાપ મને બહુ જાગેરે
સુનું મંદીર ખાવા ધાય બીક મને લાગેરે ૭
આઠમનો દાહ કીધો મે બારીરે
ચારે પાસ જોઉ ભગવાંન હુંનીહાળીરે ૮
નોમે નમળા નાથ ગતી શીમારીરે
આવો આવો ને ભગવાન જાઉં બલિહારીરે ૯
દશમે દશ દીશા એ જોવા હુતો લાગીરે
શેના આવ્યા ભગવાંન હોંશ મારી ભાગીરે ૧૦
એકાદશી નાં વ્રત કીધાં સારાંરે
જેથી જાય સર્વે દુ;ખ સમજી મંન મારારે ૧૧
દવાદશીનાં કીધાં પારણાં ચિત્તધારીરે
મળવાને શ્રીભગવાન ઝુરૂં હું નારીરે. ૧૨
તેરશે તેડીહરી પુરો આશ મારીરે
જેથી થાય અતિસ્ય સુખ મનમાં ભારીરે. ૧૩
ચોદશે મળ્યા ભગવાંન સંકટ ગયાં નાશીરે
અરજ કરાને ધ્યાંન ધરેછે દાશીરે. ૧૪
પુનમે પોંચ્યા કોડ તયો થઈ પુરી રે
કહે છોટો બોલો શ્રીભગવાંન વાત એ સુરીરે ૧૫

પંદરતથી

પડવાની પણ પ્રીત ગટ મટ ભુલીરે
મારા હરી વીના એક વાત સરવે સુનીરે ૧
બીજે બાળે વેશ રહીછુ બાળીરે
આ ઘરમાં કેમ રેહેવાય વાગે તાળીરે. ૨
ત્રીજે ત્રીભુવન રાય રાજ પધારોરે
હરી આવોને આપણે ઘેર હેત વધારોરે. ૩
ચોથે ચંચળ નાર ચતુરા ચાલેરે
પેલો વડોદરાનો વેદ દુઃખડાં ટાળેરે. ૪
પાંચમના પડદા હરી શું રાખ્યારે
મારે પ્રેમ રસ પીવા કાજ હરીરસ ચાખ્યારે. ૫
છઠીના લખીઆ લેખ તેતો કેમ ટળશેરે
મારા પેલા ભવની પ્રીત આવી મળશે. ૬
સાતમના સંતાપ હરી શું અમનેરે
આ શું કહીએ મહારાજ લાજ નહીં તમનેરે. ૭
આઠમે ઓછવ થાય હરી હોય હેલીરે
મારે સોળ ગોપીઓ નો સાથ રમવા ઘેલીરે. ૮
નોમે નમેરા નાથ નમેરા ના થઇગેરે
આ ગોકુળીયુ મેલી મથુરાં નાં જઇએરે. ૯
દશમે દીન રાત દેહી મારી દાઝેરે
ઘેર નાવલીઓ રીસાય તે ઘણું સાલેરે. ૧૦
એકાદશીનાં વ્રત મારે કરવાંરે
શ્રી જમનાંજીનાં ધ્યાંન મારે ધરવાંરે. ૧૧
દ્વાદશીને દહાડે દરશંન અમને દેજોરે
મારા સામળીઆ ભગવાન સનમુખ રેહેજોરે. ૧૨

તેરશના તો તંન અમારા તુટયારે
આ હરી હરી કરતાં હોઠ હમારા સુકયારે. ૧૪
ચૌદશે તો ચતુર નર વાહાયારે
વેર રાધા સરખીવ્નાર સું રીસાયારે. ૧૫
પુનમે તો પંદર તથો થય કહાવેરે
મુને સેજડીએ સુતાં નીંદ્રાન આવરે. ૧૬

પંદર તીર્થીઓ

પુનમે અમને પુરણ દરશન દેજોરે છોગાળા
દયાકરી મારી દેહના દુ:ખડાં ખોજોરે મોરલીવાળા ૧
પડવે આવી પકડો મારી બાંયરે છોગાળા
કાંઇ હ્રત ગુરૂની સીતળ રાખો છાંયરે મોરલીવાળા; ૨
બીજે મારી બાળક બુદ્ધી કાપોરે છોગાળા:
દયા કરીને શિતળ સુખડાં આપોરે મોરલીવાળા ૩
ત્રીજે હું તો તત્પર થઇને બેઠીરે છોગાળા
મુખની વાણી લાગી મુંજને મીઠીરે મોરલીવાળા ૪
ચોથે ચતુરા શું ગયાછો ચુકીરે છોગાળા
કાંઇ લેહે લાગી મે લાજ સરવની મુકીરે મોરલી વાળા ૫
પાંચમે પુરણ વરતિ કેહેવાયરે છોગાળા
મુજથી હરી વિના ઘડીએ ના રેહેવાયરે મોરલી વાળા ૬
છઠીના લખ્યા લેખ તે કેમ ટળશેરે છોગાળા
મુજ પ્રતિ વ્રતાના કારજ કરવાં પડશેરે મોરલીવાળા ૭
સાતમે હું ગુણ તમારા ગાતીરે છોગાળ
આ મોરલીને શબ્દે હીંડુછુ માતીરે મોરલીવાળા ૮
આઠમે અવતરીઆ અંતર જામીરે છોગાળા
જાદવકુળમાં જનમ્યાછે અંતરજાંમીરે મોરલીવાળા ૯

નોમે કરવા નરપતીનાં કામરે છોગાળા
મુજ મંગળ વાશી ગયાં મથુરાં ગામરે મોરલીવાળા ૧૦
દશમે દાવાનળ આવીકોપ્યોરે છોગાળા
કાંઇ માંમો કંસ મારીને રણુ સ્થંભ રોપ્યોરે મોરલીવાળા ૧૧
બારશે વંદ્રાવંન રસતો કાલ્યોરે છોગાલા
મુજ અપુરાજીવન શું મેલોછો વીસારે મોરલીવાળા ૧૨
તેરશે કાંઇ ચરણુ કમળ ચિત્ત લાગ્યુંરે છોગાળા
કાંઇ જનમોં જનમની ભક્તિ તમારી માગુરે મોરલીવાળા ૧૩
ચૌદશે કાંઇ ચરણુ કમળની દાસીરે છોગાળા
મુજ મંગળ વાશી ગયા મથુરાં નાશીરે મોલલીવાળા ૧૪
અમાંસે કાંઇ ધરણી.ધર કેહેવાયરે છોગાળા
કાંઇ નરશીંહ મેહેતો ગુણુ તમાંરા ગાયરે મોરલીવાળા ૧૫

પંદર તીથીઓ

હરી હઠ મેલને રાધે,મેરી સંગ બોલને રાધે
અબોલા બોલને રાધે: ઘુંઘટડા ખોલને રાધે
કહ્યા મેરા માનને રાધે: ૧
પડવે મોરી સાહેલડી પીઉજી વાડીએ જાય
પીઉજી લાવે દાડમ ગોરી છોલેને પીઉજી ખાય
હરી હઠમેલને રાધે: ૨
બીજે મોરી સાહેલડી: બાળોજ ઉગ્યો ચંદ
કદમ કેરે દંતડે ગોરી આસો માંડયો ફંદ
હરી હઠ મેલને રાધે: ૩
ત્રીજે મોરી સાહેલડી તરી આજ બારો વાર
આશું ભુલી સુંદરી: ભુલી કંકુને કાજળ સાર
હરી હઠ મેલને રાધે: ૪

ચોથે ચમકતી મે સુંણી જોબંન બાળેવેશ
ભરજોબનમાં એકલી જેના પીઉ ગયા પરદેશ
હરી હઠમેલને રાધે ૪
પાંચમે મોરી સાહેલડી પંથ પલંગ કંથ દુર
ભરજોબનમાં એકલી મારૂ જોબન જાય ભરપુર
હરી હઠ મેલને રાધે ૬
છઠે મોરી સાહેલડી છઠીજ વારો વાર
પરદેશી રાજ પધારશે આપણે બેશી શું હાંગે હાર
હરી હઠ મેલને રાધે ૭
સાતમે મોરી સાહેલડી રાતેજ કીધા વનોદ
ચોમાસાની રત ચાંદણી ઝીણા ઝર મર વરસે મેહ
હરી હઠમેલને રાધે ૮
આઠમે મોરી સાહેલડી આઠજ જોડા જોડ
પરદેશી રાજ પધારશે આપણુ બેશી શું ગોડા મોડ
હરી હઠમેલને રાધેઃ ૯
નોમે મોરી સાહેલડી નવસાંજ પેહેરૂં ચીર
દીપક લેઇ મેડે ચડું: મારે નયણે વછુટયાં નીર
હરી હઠ મેલને રાધેઃ ૧૦
દશમે મોરી સાહેલડી દશરા પુજવા જાય
પુંજયા તે નર પામીયા મારા રાય જાદા ભરથાર ૧૧
હરીહઠ મેલને રાધે
અગીઆરશે મોરી સાહેલડી મે કીધા શીવરાત
પરોઢીયે ઉઠી પારણાં કરૂં મને કાનજી જોયાની ઘણી ખાંત
હરીહઠ મેલને રાધે ૧૨
બારશે મોરી સાહેલડી બારજ બાંધ્યા બાંધ

કરનારા નર કશી ગયા એતો કદીએ ન પુરે જાંપ
હરીહઠ મેલને રાધે ૧૩
તેરશે મોરી સાહેલડી વાદળ બાંધ્યો રંગ
ઓસડની મુળી એકછે મને ડશીઓ કષ્ણ ભોરંગ
હરીહઠ મેલને રાધે ૧૪
ચૌદશે મોરી સાહેલડી પાસા લીધા હાથ
મે જાંણ્યું પડશે પાધરા એતો પડીઆ છે બારેવાટ
હરીરઠ મેલને રાધે ૧૫
પુનમે મોરી સાહેલડી પુરીજ કરજો આશ
મે જાણ્યું હરી આવશે હવે થઈ બેઠીછું નીરાશ
હરી હઠ મેલને રાધે ૧૬

પંદર તીથીઓ

પડવે પાતળીયા ગારધારી મારે ઘેર આવજોરે લોલ
બીજે બાળક બેઠાં બહાર કે મેં સમજાવ્યુંરે લોલ
ત્રીજે ત્રણુ ભોવંન નો નાથ કે મોનીડે વધાવીયેરે લોલ
ચોથે બોલી ચંચળ નાર કે મથુરાં ની વાટમારે લોલ
પાંચમે પગલાં ભરજો પ્રેમ કે મારેઘેર આવજોરે લોલ
છઠે છોગાળા ભગવાંનકે ભગતને તારજોરે લોલ
સાતમે સરદર કરે એક નારકે ગોકુળ ગાંમનીરે લોલ
આઠમે અવતરીયા ભગવાંનકે; નિરખું નાથનેરે લોલ
નોમે નરતર કરે એક નારકે ગોકુળ ગામનીરે લોલ
દશમે મારયો માંમો કંસકે મથુરાંની વાટમાંરે લોલ
એકા દશી પરણી લાવ્યા નારકે સનભાંમા ખરીરે લોલ
બારશે બહુ બળીયા ભગવાંનકે; દશો દીશ વાપીયારે લોલ
તેરશે ધન પુરે એક નારકે; ગોકુળી ગાંમનીરે લોલ

ચૌદશે બનશી બટને ચોકકે રાસ રમાડજોરે લોલ
પુનમે પંદર તથો થઇ પુરીકે; હરી ગુણ ગઇ રહીરે લોલ

પંદર તીથીઓ

સખી પડવેતે પંથે ચાલ્યારે મહા વનનાતે મારગ ઝાલ્યારે
સાથે સીતાને લક્ષમણ બાળા રઘુપતી રામ રૂદેમાં રેહેજોરે ૧
સખી બીજેતે મઢીમાં બીરાજેરે જેવાં નદીઓ તણાં નીર-
ગાજેરે
રાંમ મેલી ગયા રૂડું રાજે રઘુ પતી રાંમ રૂદેમાં રેહેજોરે ૧
સખી ત્રીજેતે વનકેરી ઝાડીરે દશ ફળ મંગાવે છે દહાડીરે
સારી સોભે સીતાજીની વાડી રઘુ પતી રાંમ રૂદેમાં
રેહેજોરે ૧
સખી ચોથે કેવડીઓ મેહેકેરે; ફાલ્યો ફુલ્યો ને મોગરો
મેહેકે
એવી લીલી લતા ઓ લેહેકે, રઘુ પતી રાંમ રૂદેમાં-
રેહેજોરે ૧
સખી પાંચમે પોપટ પાળ્યોરે પાંખ લીલી ને કાંઠલો કાળોરે
મુખે રાંમ ભણુંતો બાળ્યો; રઘુપતી રામ રૂદેમાં
રેહેજોરે ૧
સખી છઠે છેતરવાને આવ્યોરે; કુડો કપટી રાવણ
સાથે લાવ્યોરે
બે મુખનો મરગ બનાવ્યો; રઘુપતી રામ રૂદેમાં
રેહેજોરે; ૧
સખી સાતમે શ્રી હરી ગસર્યારે; વાડી ભેળી ફરાડયા
છે ભમરારે
રૂખ સાહીને ઉપાડયા ડમરા રઘુપતી રાંમ રૂદેમાં

રેહેજોરે

સખી આઠમે એને નીહાળોરે; ધનુષ ધારીને મ્રગલો
મારયો રે

મૃગ મરતી વખતે પોકારયો; રઘુપતી રાંમ રૂદેમાં રેહેજો રે ૮
સખી નોમેતે નાખ્યો તીરરે; જઇ વાગ્યો મ્રગના શરીરરે
વારે ધાજો લક્ષમણ વીર: રઘુપતી રાંમ રૂદેમાં રેહેજોરે ૯
સખી દશમે કહે લક્ષમણને રે: બેલી વીરો બોલાવે છે તમને રે
આડી આંણ દીધી છે અમને: રઘુ પતીરાંમ રૂદેમાં રેહે જો રે ૧૦
સખી એકાદશી અપવાશીરે; લંપટ લેવાને લાગ તપાશી રે
રાવણ સીતાને લેઇ ગયો નાશી: રઘુપતીરાંમ રૂદે માં હેજો રે ૧૧
સખી બારશે હનુમાંન બળીયોરે: ઠેકી સમુદ્ર પાર નીકળીયો રે
જઇ જોગ માયાને મળીઓ રઘુપતીરાંમ રૂદેમાં રેહેજોરે: ૧૨
સખી તેરશે ત્રંબાળુ ગાજે રે; હાક હનુમાનકેરી વાગેરે
ભાય લંકાંતે ગઢમાં લાગે, રઘુપતીરાંમ રૂદેમાં રેહેજોરે; ૧૩
સખી ચૌદશે ચિત્ત વિચ્યારી રે ફોજ વાંદરાંની રચી સારી રે
રાંમે રાવણ નાખ્યો મારી રઘુપતીરાંમ રૂદે માંરે હેજોરે; ૧૪
સખી પુનમે પ્રભુજી આવ્યા રે, થાળ ભરીને મોતીડે વધાવ્યારે
માતા કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતીરાંમ રૂદે માંરેહેજોરે, ૧૫
સખી પંદર તથો થઇ પુરીરે: એમાં એકે નથી અધુરીરે
આત્મારાંમની વાંણી મધુરી, રઘુપતિરાંમ રૂદેમાં રેહેજોરે, ૧૬

પંદરતીથીઓ.

ભજુ ભગવાંન રૂદે માંરે હે જોરે, મારાં દુખડાં પ્રભુ હરી લેજો.
ભજુ ભગવાંન રૂદે માંરે હેજોરે, ટેક
પ્રભુ પડવે તે ધ્યાંન તમારૂં રે, તેમાં કાર્ય સરે હમારૂં રે.
તમ આગળ વિનતી ઉચ્ચારૂં, ભજુ ભગવાંન રૂદેમાં રેહેજોરે ૧

ુ બીજે તે અરજ હમારી રે નીત સેવા કરીએ તમારી રે
ાને સહાય કરો સદાકારી. ભજુ ભગવાંન રૂદેમાં રેહેજોરે ૨
ુ ત્રીજે તે કાજ હમાંરા રે. પ્રભુ ચરણ સેવી એ તમારા રે
ા આશા મનની હમા ।, ભજુ ભગવાંન રૂદે માંરે રેહેજો ૩
ુ ચોથે ચતુરાઇ ધારી રે, છબીનીર ખીએ નીત તારી રે
ુ દીનથી અરજ હમારી, ભજુ ભગવાન રૂદે માંરે હેજોર ૪
ુ પાંચમે દરશ તમારાં રે, તેથી દુઃખ ગયાં છે હમારાંરે
ુ કાજ સુધરયાં સારાં ભજુ ભગવાંન રૂદેમાં રેહેજોરે ૫
ુ છઠે કરૂણા કીધી રે; સુંદર છબી ધ્યાંનમાં લીધીરે
ુવાર અસ્તુંતી કીધી, ભજુ ભગવાંન રૂદે માંરે હેજોરે: ૬
ુ સાત્યમ સુંદર સોભી રે, મુરતી જોતાં મન રહ્યું થોભી રે
ર નારી રહીછે લોભીઃ ભજુ ભગવાન રૂદે માં રેહેજોરે: ૭
ુ આઠમે આળસ તજીએરે; પ્રભુ સણગાર સારા સજીએરે
ી ભાવે પ્રભુને ભજીયેઃ ભજુ ભગવાન રૂદેમાં રેહેજોરે ૮
ુ નોમે તુજને નમીયેરે: તેથી બહુ હમે તુને ગમાયેરે
ે વારે પ્રભુતો ચડીયે: ભજુ ભગવાન રૂદેમાં રેહેજોરે ૯
ુ દશમે દયા લાવ્યારે હરી દરશન દેવાને આવ્યારે
ગતોને મનમાં બહુ ભાવ્યાઃ ભજુ ભગવાંન રૂદેમાં રેહેજોરે ૧૦
ુ એકાદશી અપવાસ કીધારે દુઃખ સરવેનાં હરીલીધાંરે
સ જનંને સુખ બહુ દીધાં ભજુ ભગવાંન રૂદેમાં રેહેજોરે ૧૧
ુ દવાદશીનાં કીધાં પારણાંરે: ભગ્ત જનલેછે ઉવારણાંરે
ભી રહ્યાંછે ભગતનાં બારણાંઃભજુ ભગવાંન રૂદેમા રેહેજોરે ૧૨
ુ તેરશે આવીને મળીયારે જનમો જનમના પ્રાચીત ટળીયાંરે
ગ્ત જનનાં નશીબ ભળીયાં; ભજુ ભગવાંન રૂદેમા રેહેજોરે ૧૩
ુ ચોદશે ઓછવ થાયરે: નર નારીનાં મન હરખાયરે

પંદર તથો જે કોઇ ગાય! ભજુ ભગવાંન રૂદેમાં રહેજોરઃ
પ્રભુ પુનમે પોચ્યા કોડરેઃ બોલો જયજય શ્રી રણછોડરે
છોટો કેહેછે બેઉ કરજોડઃ ભજુ ભગવાંન રૂદેમા રેહેજોરે

કૃશ્ન જીવણના મહીના

કારતગે કૃષ્ણ ગયા મેહેલી આંખડીએ આંસુની હેલી
ગોપી ફરે ગોકુલ માં ઘેલી ઓધવજી નારે ઘટે તમને
કે સહીએર થાઓ રે વેહેલીઃ કે વાંકો અંબોડો મેલી
ફરે એના જોબનમાં ઘેલી ઓધવજી નારે ઘટે તમને
કે માગશરે મંદીરમાં રેહેતાં ભોજન સાથે બેસીને જમતાં
હવે [illegible] ઓધવજી;
સુંદર સેજ પડી સુની; અંતરની વાતો કોયે નવ સુણી
જાઓ મારા જોબંદે છુટી; ઓધવજી
પોશે પ્રીત કરા પેહેલી; ગોવરધન નાથ ગયા મેલી
વધામણી મોકલજો વેહેલી ઓધવજી
કુબજા સોખ થઇ સાલેઃ વાલો મારો મથુરાંમાં ચાલે
તરછોડયાં નંદ તણે લાલે; ઓધવજી
માહા મહીને મારગડે હેતાં આંસુડાં પાલવડે લોહોતાં
કેરજની જાએછે રોતાંઃ ઓધવજી
ફાગણે રંગ રમતાં હોળી સહીયેરો પેહેરી ચરણા ચોળી
કેકંકુ કેશરમાં રોળી ઓધવજી
ચુંદડી મારી કેશરમાં બોળીએ; વસંત ની વરણાગી કરીએ
બેલડીએ હરીવીના ફરીએ ઓધવજી
ચૈતર ચોપકરી ચાલીએઃ કે દરશંન કરશન નું કરીએ
મથુરાંમાં મનગમતાં ફરીએ; ઓધવજી
કે ચૈતરે ચીત કરી ચુક્યાં; કે હઇડે તન મારાં સુક્યાં;

નારીએ નીશાશા મુક્યાં ઓધવજી ૧૦

વૈશાખે વાટ જુવે ગોપી, માયાએના માબાપની લોપી

કે પ્રીત કુબજા ને આપી ઓધવજી ૧૧

આવી આરા હાંણુ લેતા દહાડી; મથુરાંમાં રંગ રમતાં નારી

તે કેમ ભુલ્યા ગીરધારી ઓધવજી ૧૨

જેઠે જાદવને હશીયે તારા મારી કીધી રશીયે.

કે હવે હરી ગોકુળમાં વશીએ; ઓધવજી ૧૩

અસાડે મેવલીઓ ગાજે તેનો મારાં હૈડામા દાજે

રાજ રાખો મોહન બલાજે ઓધવજી ૧૪

કે દીલાસો દેઈ ગયા હમને; મથુરાંમાં કાપટી ગયા જઈને

સ્વામી મારા ચ્રીજમાં રહીને ઓધવજી ૧૫

શ્રાવણે શું કરીએ સજની ગમે નહી રાત દીવસ રજની

પ્રીત પર ઘેર થાય સજની ઓધવજી ૧૬

[illegible]

વાલી નારી કહુછુ હુંવારી ઓધવજી ૧૭

[illegible] નારા, [illegible]

[illegible] ઓધવજી ૧૮

[illegible]

[illegible] ૧૯

[illegible]

ગોપી સરવે આનંદ [illegible]; ઓધવજી ૨૦

કૃષ્ણ ના મહીના

કારતકે કૃષ્ણ ગયા મેલી, મારેમેર આવો વનમાળી

કુબજા કેમરે ગમે કાળી; આવો હરી રાસ રમો વાહાલા ૧

માગશરે મારગડે રમતાં; ભેળાં બેશી ભોજનીયાં જમતાં

હવે હરી કેમ નથી ગમતાં   આવો હરી
પોષે તે સોસ પડયા હમને તીકમજી શું કહીએ તમને
દીલાશા સારે દીધા હમને.   આવો હરી.
માઘે માહા અંધારા રાત્યો ફૂલડાંયે બીછાવી ખાટયો
વાહાલે લીધા મથુરાંની વાટયોઃ   આવો હરીઃ
ફાગણે ફેર ફરે હોળીઃ પેહેરણુ ચરણાને   ળી
ચુંદડી મારી કેશરમાં રોળીઃ   આવો હરી
ચૈતરે ચીત કરે ચાળાઃ મધુવન મોરલી   વાળા
દરશંન દો ડાકોર વાળાઃ   આવો હરીઃ
વૈશાકે વાટલડી જોતીઃ ઉભી રહી ધ્રુસ કરે રોતી
પાલ વડે આંસુડાં લોતી   આવો હરી.
જેઠેતો જગજીવન આવે વધામણી સહુ લોકો લાવે
રાખો માગે કેમું એ નાકહાવે   આવો હરી.
[illegible]
વિચારો તે વાત થશ વાંકી   આવો હરી
ભાદરવો [illegible] નીર ઘણાં હળશે
વાહાલા [illegible]   આવો હરી.
[illegible]
[illegible]   આવો હરી.
આસો [illegible] હું [illegible]
વાહાલા વિના આવી દીવાળી   આવો હરી.

રાધીકાજીના મહિના.

મ્હાને સખી કારતક કેમ જાશે કે વનમાં મોરલી કોણ વાશે
કે મહિના દાણી કુણુ થાશે   કે જુમના જાવા દો પાણી.
કે માગશરે મન મારૂં મળીયું કે વિખીવા ભાવ પછી ટળીયું

કે જેમ લુણ પાણીમાં ભળીયુ કે જુમના. ૨
કે પોશે શોસ પડયા અમને વહાલા મારાશું ન કહીએ તમને
કે દીહાડા દીઠાછે અમને કે જુમના. ૩
કે માઘે મકર તણે માને કે ફુલડીયાં વેરંતી ખાંતે
કે વાહાલાજી મારા મથુરાંની વાટે કે જુમના. ૪
કે ફાગણે ફેર ફરે હોળી કે આછા ચરણાને ચોળી.
કે ચુંદડી મારી કેસરમાં રોળી કે જુમના. ૫
કે ચૈતરે ચતુરા ચિત્ત ધરતી વાહાલાજીના ગુણગાતી ફરતી
કે તોય મારે વાલે કીધી નરતી. કે જુમના. ૬
કે વૈશાખે વાયા વાવલીઆ. કે ઘેર પધારોના વલીયા.
કે દુધડે ધોઉ તારા પાવલીયા. કે જુમના. ૭
જેઠે જગજીવન આવ્યા કે સહુ લોક વધામણી લાવ્યા
વાલાજી મારા કશુંના કાવ્યા કે જુમના. ૮
અસાડે અબળા થઇ ઝાંખી વહાલે મારે ભર જોબન રાખી.
વિચારો હવે વાત થશે વાંકી કે જુમના. ૯
શ્રાવણ સરવડીયે વરસે કે નદીએ નીરઘણાં ઢળસે
કે કોયલડીયાં ટઉ કહીયાં કરશે કે જુમના. ૧૦
ભાદરવો ભલી પેરે ગાજે કે સરપર ઘેર વલોણુ વાજે
તે તો મારા રૂદીયામાં દાજે કે જુમના. ૧૧
આસોની રજની અજવાળી કે સેવતણુ કે સુંવાળી.
કે વાલા વીના આશી દીવાળી. કે જુમના. ૧૨
કે રાધાના હાથ સોનાની ચુડીકે રમતાં દીસેછે રૂડી.
દુઃખ સર્વે ગયાંછે બુડી. કે જુમના જાવાદો પાણી. ૧૩

બહુચરાજીના મહીના,

શીવશંકર ભોળા એ રાગ.

ચઈતરે ચીત્ત ઘણું બાંધ્યું નમી નમી બહુચર આરાધ્યું;
મન મારૂં ગોખે જઈ લાગ્યું. શેવોને સંખલપુર રાણી
વઈશાખે વાવલીઆ વાયા, માજીના ગઢ ભાગી આયા;
અંબાજીની મોટીછે માયા. શેવોને સંખલપુર રાણી, ૨
જેઠેતો જુગતી છે સારી, હરી હર બ્રહ્માથકી ન્યારી;
જાઉં ગોખ ઉપર બલીહારી. સે ૩
અસાડેતો મેઘ ઘણા ગાજે, છત્રશીર બહુચરને છાજે,
ચાર પોહોર ચોઘડીયાં વાગે; સે ૪
શ્રાવણ સરવડીએ વરશો. માજીને ભજસો તો તરશો;
નહી જીવન અથડાઈ મરશો સે ૫
ભાદરવા ભલી પેરે ગાજે સેવકો સનમુખ થાજો
જુડતાં બાવલડી સાજે, સે ૬
આસો માસે આવી દીવાળી, આવ્યાં છે અંબાને કાળી;
ગરબે રમે મોટાં મહાકાળી. શેવોને. ૭
કારતકે કોયલડી બોલે નાચાવે માજી નેતોલે
જોતાં ત્રીભોવન ડોલે. શેવોને. ૮
માગશર માનસ ત્રીર નાહે ચાચર ગાળી ગરબાતો ગાયે
સેવકની મા કરજો સાહે શેવોને. ૯
પોસે પ્રીત ઘણી ધારી પાંડવ લીધા ઉગારી.
કૌરવ સરવ ગયા હારી. શેવોને. ૧૦
માહેતો મને નથી ગમતું મન મારૂં રહેછે ભમતું
મન મારૂં માજીમાં રમતુ શેવોને. ૧૧
ફાગણે ફર ફરતી હોળી. પેહેર્યાં માએ ચરણાંને ચોળી.

કેસર બહુ છાંટયાં છે ઘોળાં. શેવોને. ૧૨
બારેમાસ પુરણ કીધા દહીતને દંડ ભલા દીધા
દેવતા સહુ ઉગારી લીધા. શેવોને. ૧૩
આશો સુદ બીજ બુધ વારે બારેમાસ થયા નિરધાર
વસવની કરજો સાચારે. શેવોને. ૧૪

થોભણ દાસના મહિના

કારતકે કોડામણીરે શોળો પુનમકેરો ચંદ વાલા
રાધા કરે હરિની વિનતારે ચરણે રાખગોવીંદ વાલા ૧
માગશર મેલી ગયારે પીઉ ગયા પરદેસ વાલા
ભર જોબનમાં ભામનીરે અળગા બાળે વેશ વાલા ૨
પોષ માસે સુંદરામણીરે સાંભળ સદગર વાત વાલા
શ્રી કૃષ્ણ ચાલ્યા દ્વારકારે સોલસે ગોપીઓના નાથ વાલા ૩
માહા મહીને મન મહાકરે ચીતડું વ્યાકુળ થાય વાલા
શમણાં લાગ્યાં શ્રીરામનારે દીઠા જાદવરાય વાલા ૪
ફાગણ માસે ફરકીયાંરે વાગે છે તાલ મરદંગ વાલા
મધુરી શી વગાડે વાલો વાંસળીરે હોળી ખેલે ગોવીંદ વાલા. ૫
ચઇતરે ચિંતામણીરે નાખ્યા નવલ હાર વાલા
ક્રોધ લાવે પીઉની વધામણીરે આપુ એકાવળ હાર વાલા ૬
વઇસાખે વન વેડીયાંરે વેડીછે દાડમદ્રાક્ષ વાલા.
કોયલડી ટહુકા કરેરે સરવા લાગે એનો સાદ વાલા ૭
જેઠ મહીના નાં રણતપેરે જેવા ઉનાળાના તાપ વાલા
લંકામાં જવાળાપરજળેરે ઉભા રહ્યા રઘુ નાથ વાલા. ૮
અશાડ બન્ને ઉલટયોરે થાય વિજળીઓના વેગ વાલા
ઝબકીરે ઉલટી. બેની વાદળીરે વરસ્યા બારે મેઘ વાલા. ૯
શ્રાવણ વરશે સરવડીઓરે નદીએ નીરમળનીર વાલા.

ભીંજે તે રાણી પદમણીરે ભીંજાય દક્ષણી ચીર વાલા ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે શીતર ચઢયાં શરીર વાલા
ગોરાદેભી જાયાં ઘર આગણેરે પીઉડો ભીંજાય પરદેશ વાલા. ૧૧
આસો માસે દીવાલડીરે સુંદરી સજે શણગાર વાલા
લેલાવટટીલડી સોહામણીરે કંઠે એકાવળ હાર વાલા ૧૨
બારેમાસ પુરા થયારે આવેલો અધીક માસ વાલા
ગાય શીખેને સાંભળે. રે વીનવે થોભણ દાસ વાલા. ૧૩

શીવજીનો ગરબો.

કારતકે કીરતી બહુ કરીએ ભોળા તારૂં ધ્યાંન રૂદેધરિએ
ભોળા થકી ભવસાગર તરિએ આવો હરી શીવ સંકર ભોળા
શીર માંહે પ્રગડાંનાતોરા આવો હરી.
હાથમાં ભભુતના ગોળા આવો હરી. ટેક ૧
માગસરે મહા મંગળકારી ભોળે સિવે લીધીછે તાળી
ભોળા તારા મુખપર જાઉં વારી. આવો હરી. ૨
પોસેતો. પ્રાણ થકી પ્યારા રૂદે થકી નવ રહે વીસાર્યા
સંકર મારી આંખો થી ધ્યારા. આવો-- ૩
માહા માહીને વસંત પંચમી આવી ગવરીનો ગુલાલ હું લાવી.
ભોળાને મનતો ગંગા અતિ ભાવી--આવો--શીર--હાથમાં ૪
ફાગણે ફાગ ખેલું હરશું શામ ગોરી માયા લાગી તમશું
આવો હોળી ખેલુ શંકરશુ -આવો -શીર--હાથમાં ૫
ચઇતરે ચિત ચરણે લાગ્યુ ભોળાનેનો થીર કરી થાપો
શંકર મારા રૂદીયામાં રાખુ: આવો -શીર--હાથમાં. ૬
વઇસાખે વાર લાગી તમને: નરખ્યાનીતો હોંસ ઘણી અમને
ભોળા શભુ શુકરીએ તમને; આવો--શીર--હાથમાં ૭
જેઠેતો જુગ્તી બની સારી--નારી પેહેરી કસુબા સાડી

જટામાંતે ગંગા વસે પ્યારી આવો-શીર- હાથમાં ૮
અખાડે ગગન ગરજે બહુમેહ, મોરલી આતો વણટહુકે
શંકર મારા ડરમે લખ્યા લેખ, આવો--શીર--હાથમાં ૯
સાવણે બની શી ની શોભા. ચાલો જઇએ સોમેશ્વર જોવા .
શંકર મારા. ભવના દુઃખ ખાવા આવો--શીર--હાથમાં ૧૦
ભાદરવેતો ભાગતણા ભોગી, હર અંગે ભુલાયા શીવજોગી.
આગી શુધ લેજ શીવ ભોગી, આવો -શીર- હાથમાં ૧૧
આસોએ ગંગ ઉદે આવી બાળા વિના કેમ રહેશે રાજની
કેમ જાગ દીવસ કે રજની, આવો--શીર -હાથમાં. ૧૨
એ પદ કોઇએ નવ ગાયા ભોળા સઉ સખીઓને મન ભાવ્યા
નામ ગુણ રાણુછોડે ગાયા. આવો- શીર -હાથમાં. ૧૩

(પતીને પરદેશ જાવા દેવા વિશે ના મહીના.
(ઓધવજી સંદેસા કેજેતે શામને)

કારતક મહિને અબળા કહેછે કથને હવે શિઆળો આવ્યો સ્વામી નાથજે હીમાળાના વાયરે હલકી ટાઢમાં, શું શોધો પરદેશ જવાનો સાથજે. એમહિને ના જઇએ પીઉ પરદેશમાં ૧
માગશર મહિને લોકા ધણી મન માવરે રસીયા સંગ રમ્યાની મોજમ રાતજે.ઘુઘરડા કાઢીને ઘર આગળ ફરું પીઉ મેલો પરદેશ જવાની વાતજે એ મહાને ના જઇએ પીઉ પરદેશમાં ૨
પોસજે અબળાને પીઉડે પર હરી તે નારીનાંપુરણ મળીયાંપાપજે. સાસરીએ રહીને તે શાં સુખ ભોગવે મૈયરમા ના ગોડે મા ને બાપજે. એ મહિને નવ જઇએ પીઉ પરદેશમાં ૩
માહા મહીને નવ કરીએ નાથ મુસાફરી ઘઉં સાટે જઇ લાવો ખોરી જારજે વહેંચીને જમશું રે મારા વાલમા જરૂર નહી જાવા દેઉ ધ-રથી બહારજે એ મહિને નવ જઇએ પીઉ પરદેશમાં ૪

ફાગણમે ફાગણમાં નર નારીયો ઘેર ઘેર નૌતમ કૌતક નવલાં થાયજો
જે નારીનો નાવલીઓ નાંખી ગયો. કહો તેણે કેમ નજરેરે જોયુ
જાગજો એ મહિને નવ જઇએ પીઉ પરદેશમાં ૫
ચૈતરમાં ચતુરને પંથ ન ચાલવું જો ઘેર નારી સારી ચતુરસુજાણુજો
વાહાલપણે વચનેરે પીઉને વશ કરે નીરધાર્યું તે પડ્યું રહે પરી આગુજો
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં ૬
વાવલીયા વાયાતે પીયુ વૈસાખના રજ ઉડે ને ગાજે મે લુ થાયજો
નથ વીનું મોતી રે હીરો હારનો કહો પરહાથે કેમ ધાર્યો જાયજો એ
મહિને નવ જઇએ પીઉ પરદેશમા ૭
જેઠે તો પરદેશ જાવું દોહલું ઘામ ઘાંકે ને લાય જેવી લુવાયજો કોમળ
છે કાયારે મારા કંથની વણસીંચ્યા જેમ ફુલડીયાં કરમાયજો એ મહિને
નવ જઇએ પીઉ પરદેશમાં ૮
અસર ઘનછાયો રે માસ આષાડમાં મોર બોલેને મેહ વરસે મુસલ
ધારજે કચરા નેકા દવરે મચીછે મેદની પંખીમાળા ઘાલે હારો હારજો
એ મહીને નવ જઇ એ પીઉ પરદેશમાં ૯
શ્રાવણમાં શીવ પુજીને મુખમાગી એ વાલાનો નવ થાજો કદી વિજોગ-
જો રુમીયાના સ્વામીજી આપો એટલું સાસુના જાયાનો નીત્ય સંજો
ગજો. એ મહીને નવજઇએ પીઉ પરદેશમાં ૧૦
ભાદરવો ભરજોબન નો ફરી નહી મળે વહી જાશે જેમ નદીઓ કેરાં
નીરજો એવા રે દીવસ એળે નવ કહાડી એ વાત વિચારીજુઓ નંદના
વીર જો. એ મહિને નવ જઇ એપીઉ પર દેશમાં ૧૧
આસોના દીવસ તો અતિ રળિ આમણા ખાવુ પીવું કરવા નવ લા
ખેલજો ભેગા બેસી જમીએ રમીએ સોગટે છાતીમાંભીડી રાખું છેલજો
એ મહિને નવ જઇ એપીઉ પરદેશમાં ૧૨
માસ અધીકમાં અધીક પણે શું કીજીએ રોહો જોડીને નેણ સંઘાથે
નેણજો જેમન છુટે બુટો કાચ બીલોરનો દાસ દયાનો પ્રીતમ જાણ પ્રવે-

ણુન્તે એ મહિને નવજાઈઍપીઉપરદેશમાં ૧૩

(તુળશીનામહિના)

ધન ધન પાટણ ગામ
ધન ધન તુળશી તારૂ ઉતમ નામ સાંભળોગુણવંતા ૧
અષાડે તુળશી રોપ રોપાવે
દેવ દામોદર ને નિંદ્રા નવ આવે સાંભળો ૨
શ્રાવણે તુળશી દોદો પાને
હરખ્યા શ્રી નારાયણ તુળશી ને નામે ૩
ભાદરવે તુળશી લેહેરે રેજાય
કંઠે સોવ રાવે શ્રી જાદાવરાય સાંભળો ૪
આસો એ આવ્યા તુળશી વઘુદા
દેવ દામોદરે ખોળામાં લીધાં સાંભળો ૫
કારતકે તુળશી બાળ કુવારી
લગ્ન નીરધારી પરણ્યા મોરારી સાંભળો ૬
માગસરે માહા વટડે ઠરીએ
શીયાળે તુળશીને આંણાંકરીએ સાભળો ૭
પોસમાસે પડયારે પોકાર
તુળશી વિના સુનોરે સંસાર સાંભળો ૮
માહા મહિને સુધ બુધ્યનભુલે
તુળશી વિના ત્રીભો ન ડુલે સાંભળો. ૯
ફાગણે ફાગ ખેલે રે ગોવિંદા,
પગરે પાવટડે હરિ લેવત ચંદા. સાંભળો. ૧૦
ચઈતરે ચંત કરે હેંડોળા,
હીંચોળે હીંચે શ્રી કૃષ્ણ ગોરા. સાંભળો. ૧૧
વઈશાકે વનસ્પતિ મોડી

ઓલેનેઓળેમેં રમત માંડી. ૧૨
જેઠ માસે તુળશી કરમાયાં
સોળસેં ગોપીઓ પાણીડાં ચાલ્યાં. સાંભળો. ૧૩
તુળશીને કયારે ઘીના દીવલડા
હરિ હરિ કરતાં જાય એના જીવલડા સાંભળો ૧૪
હું તમને પુછું મારી તુળશી રે માતા
કુણ તારી માતાને કુણ તારો પીતા. સાંભળો. ૧૫
ધરતી મારી માતાને આભમારો પીતા
દેવકી મારી સાસુને કૃષ્ણ મારો ભરથાર સાંભળો. ૧૬

અંબાજીના મહિના

કારતક માસે કરૂણા કરો મુજ માતરે માઅંબાજી
અલબેલી અંબા સાંભળ મારી વાતરે. માઅંબાજી ૧
વાત સાંભળીને સમરૂ શ્રી હરી નાથ રે માઅંબાજી
તારા દરશનની મને મોટી અંબા આશરે માઅંબાજી ૨
માગસર માસે મંન મળવા અકળાયરે માઅંબાજી
તારી ઇચ્છા કરતાં અંબા દીન વહી જાયરે માઅંબાજી ૩
દીન વહી ન જાયને આશ મુજને મોટીરે માઅંબાજી
તારા રંગ મંડપમાં હુ ન આવી લોટી રે માઅંબાજી
પોશ માસે મુજને મળવા શોસરે માઅંબાજી
મુજ રંક ઉપર શોધરવો માજી રોશરે માઅંબાજી
રોશન ધારિયે તમે દેવી છો દયાળ રે માઅંબાજી
જેનું નામ ધરાવેસેવક જન પ્રતીપાળ રે. માઅંબાજી ૬
મહા મહિને કોઈ વરત સાંભર્યાં તમારાંરે. માઅંબાજી
મા શું જુઓ છો કુડાં કરમ અમારાં રે માઅંબાજી ૭
કુડાં કરમની કરણી છે મધ્યાંન રે માઅંબાજી

તારા દરશનનું મને મોટું અંબાઅંમાંન રે માઅંબાજી ૮
ફાગણ માસે ફરી ફરી ઉલટે અંગ રે માઅંબાજી
રંગ ભરયાં મનડાં નવ કરશો ભંગ રે માઅંબાજી ૯
ભંગ ન કરશો તનડું અમારૂં તલ ખેરે માઅંબાજી
ચિત્ત અમારૂં ચરણું આંતી અટકે રે માઅંબાજી ૧૦
ચઉતર મહિને ચિંતા મુજને ઝાઝીરે માઅંબાજી
જન્મ ધરીને નનનીરખ્યાં અંબા માજી રે માઅંબાજી ૧૧
નવ નીરખ્યાં મેં અંબા અકળ સ્વરૂપરે માઅંબાજી
માવળતાં કયાંથા દેખીશમાનાંરૂપરે માઅંબાજી ૧૨
વઈસાખ મહિને વરસ જાય દેહ નાહીરે માઅંબાજી
મા હવે તજાતી વેળા રહી છે થોડી રે. માઅંબાજી ૧૩
વેળા થોડી માથે મોટું દુ:ખરે માઅંબાજી
વળતી ક્યાંથા દેખી માના મુખરે માઅંબાજી ૧૪
જેઠ માસે મુજને તેડો ફેરે માઅંબાજી
નહીં તેડાનો જીવણ જાશે વેડે માઅંબાજી ૧૫
વેઠ થાશેને મીથ્યા થ.શે જન્મરે માઅંબાજી
ભાગ્ય નથી પણ ઓછાં મારાં કરમરે. માઅંબાજી ૧૬
અષાડ માસ અટક ન ધરીયે માતરે માઅંબાજી
તારા દરશનને માટે તળશે મારૂં તનરે માઅંબાજી ૧૭
તન તળશેને દયાના આવી મારીરે માઅંબાજી
મા દયાળું દીલથી શું મુકો છો કાઢીરે માઅંબાજી ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારીરે માઅંબાજી
મા ઇચ્છા હોયતે આવે તમારે પાસે રે માઅંબાજી ૧૯
મા સંઘ ભરાય ને સૌને ઇચ્છા થાયરે. માઅંબાજી
મા પાપી હોયતે નિસરયો પાવન થાયરે માઅંબાજી ૨૦

આ દરશનમાં સીદને મન ભમાવો રે — માગ્યાં માજી
તારા દુર્લભ દરશન આપી તાપ સમાવોરે. — માગ્યાં માજી ૨૧
તાપ સમાવી શીતળ કરજો ચિરે — માગ્યાં માજી
શો શનમાતનાં પારવીત પ્રસે થાય રે. — માગ્યાં માજી ૨૨
આસો માસે અરજ સાંભળો વેહેલીરે — માગ્યાં માજી
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે — માગ્યાં માજી ૨૩
હેલી કરીને પુરો મન ના આશરે — માગ્યાં માજી
સેવક જનને તેડો તમારી પાસરે — માગ્યાં માજી ૨૪
બારે માસ પુરણ કીધાં માતરે — માગ્યાં માજી
મા વિસ્મ પરી વિશ્વાશન કરશો ઘાતરે — માગ્યાં માજી ૨૫
તે રમો મહીના પુરૂષોતમ કહેવાય રે — માગ્યાં માજી
માહરી પ્રતાપે પુરૂષોતમ સહુ ગાયરે — માગ્યાં માજી ૨૬
આરાસુરમાં નીત આનંદ થાયરે — માગ્યાં માજી
કરજોડી બાપુ સેવક ગાયરે — માગ્યાં માજી ૨૭

સીતાજીના મહીના. સાખીઓ.

મારા શામ સુંદર શ્રી રાંમરે કેને આશરે રહીએ
મારા પદ પદમાની પ્રણામરે લલના સંગ લઇએ
ઘર બહાર અલગ વન સ્યામરે મારા રામ નવ જઇએ — ટેક.
કારતક કેમ કરી કાઢીએ જુગ જેવી પળ જાય
સાગથી જેમ તોડીએ પાણ મળવાને મન અકળાયરે. — મા. ૧
જોબન દરીઆ ધુચને પાયુ દેશાવર દુર
અણ જાણ્યા અનુ ભવી તે શું નીરનું જાણે નુરરે — મારા. ૨
માગસર વેરની જોગણી પાયુ પરદેશ પ્રમાણ
ખવાયે અળગું ખોળીયું જેના પરવશ પડીયાં પ્રાણરે. — મારા. ૩
જળથી જુદી માછલી રાખો કરી વિવેક

વારૂ મારા વાલ્લમા. એના પ્રાણ નરહે પલ એકરે મારા. ૪
પોશે પ્રીતમ પ્રીતડી વીરહ બાણ વાગ હાય.
એ ઘાયલનો અંતનહી એનું તન તરફડીયાં ખાયરે. મારા. ૫
ખાવું પીવું ખેલવું ઓઢણ પહેરણ અંગ
બોલવું ચાલવું બેસવું અને પહોડવું ન ગમે પલંગ. મારા. ૬
માઘ મન તલસે ઘણું ઝરે વીજોગણ નાર
લક્ષ વીંછીની વેદના ઉપજે ચીત્તમાં અનેક વિચાર રે મારા. ૭
ફાગણ હોળી ફાલતી ફાગ રમે સહુ કોય
એક હોળી મારે આગણે બીજી હૈયે હોળી મારે હોયરે. મારા. ૮
ભીતરમાં ભડકા બળે જન દેખે નહી ઝાળ
વલખાં મારે વીધ વીધે જેને ડશીઓ વીરહવ્યાધી વ્યાળરે મારા. ૯
ચઇતર ચકોર ચીંતની શશી વીદેશી શામ
ભર જોબનમાં એકલી એતો દાઝયા ઉપરજેમ ડામરે મા. ૧૦
સુ ભાગી આજે સારસાં સજોડ સ્નેહ સહીત
ક્યમકરી વસીએ એકલાં રાણી જાયા જનમની એરીતરે મા. ૧૧
વા વાયા વઇસાખના આંબે આવી સાખ
ભોગી ભમે વિદેશમાં માય રદય બળી બળી ખાખરે મા. ૧૨
મુગાને સ્વપનું થયું મનમાં રહી મુ ઝાય.
પ્રીતનું તો પારખું જે જીભે કહ્યું નહીજાયરે. મા. ૧૩
જેઠ તણા તડકાપડે લાય જેવી લુ વાય
સુના મંદીર માળીયાં સુની સેજડી ખાવા ધાયરે મા. ૧૪
જાય નરજની દીનજાતાં રાત ગયે દીનનજાય
વીરહદુઃખ મહાવેદના એતે મજરે જોઇ કેમ જાયરે. મા. ૧૫
અષાડ ઝબકે દામની ધન ગરજે નભમાંય
બપૈયાં પીઉ પીઉ કરે સુણીવીરહણી વ્યાકુળ થાયરે મા. ૧૬

દેવ દાનવ પશુ પક્ષી માનવનો કોણુ માત્ર
જીવતાં પ્રેત વીજોગીયું ગાળ વિરહ વીર હીંજન ગાત્રરે મા. ૧૭
આરાવણુ વરશે શરવડે નદીએ આદે નીર
નીલી ભુમી ભાસે ભમી ગાજે તરૂવર ઘોર ગંભીરરે. મા. ૧૮
ઘોર અંધારી રાતડી ઝરમર વરશે મેહ
આંખેથી આંસુ ઢળે જેનો સ્વામી ગયો તજી સ્નેહરે. મા. ૧૯
ભાદરવો ગાજે ભલો રાજવી સહુ વઇભોગ
રંગમાં રસ રવ રાગ એ જેને વહાલાનો થાય વીજોગરે મા. ૨૦
ચંપા ચંબેલી મોગરા. નવ પલ્લવ વન વહાય.
વીરહણી જાત જવાસીઓ તેતો શોસે સુકાઇ જાયરે મા. ૨૧
આસો આવ્યાં નોરતાં રમે જમે નરનાર
દીવસ દીવાળી દોહલા તેનો જાણે જગત કીરતાર. મા. ૨૨
દંપતી અંગ ઉમંગમાં ગાન તાન ગીતરંગ.
અંગ રાગ ખદ ભૃત યથા જયજય કાર જણાવે અ નંગરે- મા. ૨૩
મન મોહન અધીક માસથી થાય પ્રભુ પરશન
સંગ સીતા જેમ રાખીયાં તેમ ટાળો વીરહવ્યા ધીદંન રે. મા. ૨૪

નંદલાલના મહીના

આવો ને નંદલાલ રમવા આવોને રે ટેક
નિરબળ થયાછો નાથ રમવા આવોને રે
કારતક તો મેં કષ્ટે રે કહાડયો ભરદરિ એ જેમ જહાજ. ૧
માગસર મહીને મારગડે મેલી હવે અમારૂં કોણુ છે બેલી.
ગરધર વિના થઇ ઘેલી. રમવા આવો ને રે. ૨
પોષ માસે જીવન પ્રાણુ તજુ છું લોકડાં આની લાજલોપુછું
સંસાર તાજ કરૂં છું. રમવા આવો ને રે.
માહા મહીને મંદીરયાં રે સુનાં હરિ વિના આસનિયાં સુનાં

વાહાલા વિના જાય છે જોબનિયાં રમવા આવો ને રે. ૪
ફાગણે ફગ ફગતી રે હોળી. અબીલ ગુલાલે રે ભરાતુ' ઝોળી
વાહાલા વિના ખેલે કોણ હોળી. રમવા આવો નેરે. ૫
ચૈતરે મને ચિ'તા રે લાગી સુતી સેજ લડી માંઝબકી ને જાગી
વાહાલાની લેહે લાગી રમવા આવોને. ૬
વૈસાખ વાવલીયારે વહાલા આંખ ઉઘાડી આ દશ જોતાં
આસુ પાલવડે લોહ્યાં. રમવા આવોનેરે. ૭
જેઠ માસે જગજીવન આવે વૈષ્ણવ સરવે વધામણી લાવે
વાહાલો મારો કાંઇ ન કહાવે. રમવા આવોને ૮
આષાડે હું ચાબળા રે નારી જોબન દરિયો પુર છે ભારી
પિયુના વચનને વિસારી. રમવા આવોનેરે. ૯
શ્રાવણ નો સરવડીએ વરશે નદિ એ નીર ઘણેરા ઢળશે
વાહાલો મારો શી રીતે ઉતરશે. રમવા આવોને રે. ૧૦
ભાદરવો ભરદરિ એ રેગાજે નિલાંબર નાવ પલ્લવ છાજે
વાહાલો મારો કાંઇ ન લાજે રમવા આવોનેરે. ૧૧
આસો માસે દેવ દીવાળી લોક વર્ગુ સહુ સેવ સુંવાળી.
વાહાલા વિના તે જમે કોણ વાળી રમવા આવોનેરે. ૧૨

જીવન પ્રાણના મહીના.

રથ આવ્યા અ ક્રુરના છુટયા નંદ દરબાર
શોક ભરે છે સુંદરી વળી જુવે છે વાટ
રથ જોડીને રાઘવ ચાલ્યા રે મથુરાં નાતે મારગ ઝાલ્યા રે
વહાલો ડોકવાળી વાળી જુએ રે નેણ ભરેને રાધિકાર એ રે
મારા બાળા તે પણના બેલીરે-શું જાઓછો માયા મેલી રે.
જીવણ પ્રાણ છો આતમારામ છો. ટેક
કારતક મહીને કંથ સીધાવ્યા રહી ન શકે નારી

અંતર જામી નથી અજાણ્યા હંસ ઉડ્યા રહી હારી
મેનો સંભુજીની સેવા ન કીધીરે. મેલી થાપણ ઓળવીલીધીરે
જીવન પ્રાણ છો આત્મારામ છે:. 1
માગસર મહિને મેલી ગયા જઈ બેઠા જગદીશ
કોઇ સંદેશો લાવે સ્વામનો તેને ચરણ નમાવું શીશ
હું બનાવું રસોઇ બત્રીસરે જીવન પ્રાણ છો આત્મારામ છો ૨
પોષ મહિનાની પ્રીતડી જોબનની જંજાળ
જમણ હતાં તે જમી ગયાં હાલા મેલ્યા થાળ
હરિ એ હાલા તે મેલ્યા થાળરે. એવીતેજોબનતણી જંજાળ રે
બાઇઓ સુખે ભજો શ્રી ગોપાળ રે. જીવન છો આત્મારામછો. ૩
મહા મહીનાની ટાઢડી અતિ રાતે અંધકાર
આચન લોચન વહી ગયાં હરીને લશ્કર બંધાવું પાર
મને વહેની તે વેદના થાય રે. હું એક લડા ન રહેવાય રે
મારી થર થર કંપે કાયરે જીવન પ્રાણછો આત્મારામ છો. ૪
ફાગણ ફુલ્યો ફુલડે રમતાં રાધવરાય
આશું ફુલી સુંદરી. હરી તજી ગયા જમણી બાંથ
વહાલે સોળસે ગોપીઓ માહરે કાનુડાને કાંઇન કહેવાયરે
વહાલો મુકી ગયા વન માહરે જીવન પ્રાણછો આત્મા. ૫
ચૈતરે ચંપો મોરીઓ પીંપળ આવ્યાં પાન
નાવ્યો નાગર નાવલો મને તેનું લાગ્યુંછે તાન
મને તેનું લાગ્યુંછે તાનરે મને હરિ ભજ્યાની હામરે
કોઇ દેખાડો શ્રી રામરે. જીવન પ્રાણછો આત્મા. ૬
વઇ સાખ વાયા વાવલા મુખનું ઉડયું નૂર
તાપતપે તનડું તપે હરિ મેલીગયાછે દુર
એવો આવ્યોછે માથે ઉન્હાળોરે એવો કપટી કાનુડો કાળોરે
મને મુકી ગયો મોરલી વાળોરે. જીવન પ્રાણછો આત્મા. ૭

જેઠે જાણ્યું આવશે વેગે વીઠલ રાય
ચંદન ઘોળું વાડકે વિંઝણે ઢોળું વાય
હરિને વિંઝણે ઢોળું વાયરે મારી ઘડી પલક જુગ જાયરે
મારા કાળજામાં કાંઈ કાંઈ થાયરે. જીવણ પ્રાણછો. આત્મા. ૮
અષાડે ચમકે વીજળી ઘન ગરજે ઘમઘોર
આંસુડે ભીંજાય મારી ચુંદડી મીઠડાં બોલે મોર
એવા મીઠડાં બોલે મોરરે. કરે બપૈયાં કલોલરે
મારૂં જાગે જોબનનું જોરરે જીવન પ્રાણછો આત્મા. ૯
શ્રાવણ વરસે સરવડે નહાવું નીર્મળ નીર
પહેર્યા પિતામ્બર પાતીયાં ઓઢણ આછાં ચીર
હરિ ઓઢણ આછાં ચીરરે આપણ નહાતાં જમનાં તીરરે
એવી રીતે હળાં શરીરરે જીવન પ્રાણછે. આત્મા. ૧૦
ભાદરવો ભલો ગાજીઓ પણ નાવ્યા બળવીર
ચીર હતાંતે હરિગયાં મારૂં શાંને ઢાંકુ શરીર
મ્હારી પહોંચે નજર નહીં નાંખીરે બ્હાલે ભરવાડની ગત રાખી
સાભળીએ નજોયું આંખીરે જીવન પ્રાણછો. આત્મા. ૧૧
આસો માસ ભલે આવીયો સૌની પુરી આશ
તોરણ બાંધ્યા ટોડલે એમ ગાય હરિજન દાસ
ઘેરઘેર મંગળ ગાયરે ત્યાં થેઇથેઇ કાર થાયરે
ગાતા વકતાના સંકટ જાયરે. જીવન પ્રાણછો આત્મા રામછો. ૧૨

શ્રી નાથજીના મહીના.

કારતક માસેરે કાંહાનજી મુકી ચાલ્યા પરદેશ
હુંછું નાનીરે નાંધડી જોબન બાળેરે વેશ
ગોકુળ આવો શ્રી નાથજી ૧
માગશર માસેરે માવજી વશીયારે સામી તેડ

પિંજર લાગ્યારે ઝુરવા આંખે આંસુંડાની રેલ ગોકુળ. ૨
એમ સોશેરે દેહડી તોયે સ્નેહ ન વાંશરાય
આંડા હેમાડો ઉલટયો તેથી કંપેરેકાય. ગોકુળ. ૩
માહા માસેરે સેજડી બીજી વેરણ રાત
પેઉજી મારારે ઘેરનહીં કેમ જાય દિવસ મહરાજ ગોકુલ. ૪
ફાગણ ફુલ્યોરે ફુલડે ફુલ્યાં કેસર કેરાં ઝાડ
તેનાં છંટાવું છાંટણાં ઉડે અબીલ ગુલાલ. ગોકુળ. ૫
ચૈતરે ચંપોરે મોરીઓ મોરી અરાડે ભાર
માલણ લાવેરે મોગરો કાચી કળીયોનો હાર. ગોકુળ. ૬
વૈસાખેરે વન વેડીયાં વેડીયાં આંબલીયાની શાખ
રસ ઘોળાવુંરે વાડકી જમાંએ કોની સંગાથ. ગોકુળ. ૭
જેઠે જાણ્યુંરે આવશે ના આવ્યા સ્યામ શરીર
બપૈયારે પાઉપીઉ કરે મારે હૈયે નવ રહે ધીર. ગોકુળ. ૮
આષાડેરે ઘન ઉલટયો માથે ચડયોરે ઘનઘોર
વીજલડીરે ચમકારે બોલે મધુરાસા મોર. ગોકુળ. ૯
શ્રાવણ વરસ્યોરે સરવડે નદીએ નીર અપાર.
કોયલડીરે ટઉકા કરે બેસી આંબલીયાની ડાળ. ગો. ૧૦
ભાદરવોરે ભલે ગાજીઓ વરસે મુશળ ધાર
પિયુજી મારા મધુપુરમાં સાલે શોકલડી અપાર. ગો. ૧૧
આશો માસે દીવાળડી આવ્યા શામ શરીર
થાળ ભરૂરે મોતીડે વધાવું સુભદ્રાના વીર. ગો. ૧૨.
બારે માસ પૂરા થયા કહેછે કવિ કરજોડ
ગાયતેના રે પુરજો કોડ શ્રીરે રણછોડ. ગો. ૧૩

વઇરાગના મહિના.

કારકત આવ્યો ઓ સખી સજીએ સોળ શણગાર

ઓઢવાને નવરંગ ચુંદડી કંઠે એકાવળ હાર
કોઇ દેખાડો કાળા કાનને આપું એકાવળ હાર
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લૌ વૈરાગ ટેક
આગસરે મેલી ગયા વનમાં આણી નમેહેર
મેલી કરી મથુરાં ગયા કુબજા શું કીધી લેહેર ૧
કો હરિ રહું કેમ એકલી મારો શો અપરાધ
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લૌ વૈરાગ. ૨
પોસ મહીનાની પુનમે સમણાં લાગ્યાં સાર
શોભે શણગાર પ્રભુ મેં ધર્યા ના આવ્યા દીન દયાળ ૩
કો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લૌ વૈરાગ. ૪
માહા મહીનાની શેજમાં આવી વરણ રાત.
હૈયડે મારા વિસરી રમશું કેની સંગાથ. ૫
કોહો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લૌ વૈરાગ. ૬
ફાગણ ફુલ્યો ફુલડે વનમાં કેસર ઝાડ
કસ્તુરીનાં છાંટણાં ઉડે અબીલ ગુલાલ. ૭
કોહો હરી કેમ રહુ એકલી મારો શો અપરાધ
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લૌ વૈરાગ ૮
ચૈતરે ચંપો મોરીઓ મોરીછે ડાડમ દ્રાખ
કોયલડી ટોકા કરે ભમર કરે ગુંજાર ૯
કોહો હરી કેમ રહું એકલી મા[રો] શો અપરાધ
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લૌ વૈરાગ ૧૦
વૈસાખે વાયાં વાદળાં તપે રાધાજીનું તન
રાધા બોલડા લેઇ રહ્યા નથી બોલ્યાનું મન. ૧૧
કો હરી કેમ રહુ એકલી. મારો શો અપરાધ

હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લીધો વૈરાગ ૧૨
જેઠ મહીને જદુ રાયજી છુટી રાધાજીની વેણુ.
રાધા મોલડાં લઇ રહ્યા નથી બોલ્યાનું મન. ૧૩
કો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ.
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણું શો વૈરાગ. ૧૪
અષાડ આવી ફુલડો મેલશે માંડીછે મેર
ગોરી ભીંજાય ઘરઆંગણે પીઉ ભીંજાય પરદેશ. ૧૫
કો હરી કેમ રહું એકલી મા । શો અપરાધ
હવેતો ઘરમાં નથી ગોઠતું જાણે લ. [illegible]રાગ ૧૬
શ્રાવણ વરસ્યા સરવડ નદીએ નીરમળ નીર
સુપનાં [illegible]રમાં દેખાયા [illegible]રીબળીવર [illegible] વીર ૧૭
કો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ.
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણું [illegible] વૈરાગ. ૧૮
ભાદરવા ભલે ગાજીઓ ભલા વરસ્યા છે મેઘ
વિજળડી ચમકાર કરે ચોદશ નાહલાનીર. ૧૯
કો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ.
હવેતો ઘરમાં નથી [illegible]ઠતું જાણું શો વૈરાગ. ૨૦
આસો માસે નવ રાતડી નવ [illegible]ડા નવરાત
સૌ ગોપીઓ ટોળે મળી માંડવી ગરબા ગાય. ૨૧
કો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણું શો વૈરાગ. ૨૨

સારદાના શાહીના. (રાગ સદેસાનો)

આસો માસ સમરૂં માતા સરસ્વતી
વાસવરો [illegible]હા એ આપી માતજી
નરનારીને નવરા [illegible]મન માનતી

રજની દીવસ કહત સઉના રળીઆતજો
સેવક થઇ સમરૂં છું માતા સારદા.
કારતક માસે ૫ ડીત કાળીદાસની
બખશીશ આપ્યું માતા વરદાન જો
અમરત ચોઘડીએ જાણે તે અવતરયો
અમર થયોને અમર કરયા રાજાને. જો — શે. ૨
આગળ માતા મળવાની આશ છે
અલબેલી તું પુર હમારા કોડજો
[illegible] દાસની
આપ પ્રતાપે [illegible] જો — શે. ૩
[illegible] પંડીત પામ્યા પ્રભુતાની કાંઈ
તે સમજો છે માતડી તુજ પ્રતાપ [illegible]
પાર ન [illegible] તુજ પામીઆ
[illegible] ગયા તે [illegible] આપજો — શે. ૪
[illegible] પંડીત [illegible] થયા [illegible]
[illegible]
[illegible] પાંચમ દીન પ્રગટી [illegible]
દીન [illegible]. — શે. ૫
[illegible]
[illegible]
[illegible]
[illegible] — શે. ૬
[illegible] તુજ [illegible]
શરણ વરણમાં કરજે તારા બાળજો
શરણ સેવક આવ્યો તે ઉગાર તું
દીન દયાળ તું છું હું તારો દાસ જો. — શે. ૭

વઇસાખે વીપત વીદારો વિશ્વની
એટલું માગું અંતર અકળાયજો
તું માતા પીતા તું છું એ માવડી
તું રીઝેતો કરે રાંકને રાયજો. શે. ૮
જેઠ તાપ તપે મારૂં તનડું તપે
શીતળ કરીને છાંટો ઠંડું નીરજો
અમરત પાઇ ઉછેરો માતામા હરી
ભવની ભાગે તું તો મારી ભીડજો. શે. ૯
અષાડ મહીને છોડ અસાડી આપનો
જાણો મારૂ જનમો જનમ જરૂરજો
અનગરજેને વળી ઝબુકી વીજળી
દરસટી તારી થકી નથી હું દુરજો. શે. ૧૦
શ્રાવણ માસે સેવુંને સમરૂં સદા
ધરતી પરતે માતા તારૂં ધ્યાનજો
રસબસ કરરસના રસથી ભરપુરતું
વળી વળી માગું એ તારૂં વરદાનજો. શે. ૧૧
ભાદરવો ભલી ભાત ભજનો ભક્તની
ભારે ભારે તોજ મળે યશ લાગજો.
એવીજ છે ઇચ્છા મારારે અંતરે
મન મોહનને રીઝ સજન લોક જો. ૧૨

નંદકી સોરના મહીના

કારતક માસે કહાનજી સાહેલી રે
શે અપરાધ શાગ ગયા મન મેલી રે ૧
અવગુણ અમારા શા હશે સાહેલી રે
જે હરી એ ઉતાર્યુ હેત ગયા મને મેલી રે. ૨

મને એકલા અનભાવે નહીં સાહેલી રે
એ મોટું દુખ મહારાજ ગયા મને મેલી રે. ૩
કોણ આગળ કરૂં ગોઠડી સાહેલી રે
વહાલે તજ્યું ગોકુળ ગાંમ ગયા મને મેલી રે.
કહેણ થયા છે કાંનજી સાહેલી રે
તે સાલે [illegible] માંય. ગયા મને મેલી રે. ૫
તે દુઃખે દાઝુ ઘણું સાહેલી રે;
હરી ઘણુ [illegible] ગયા મને મેલી. ૬
કારતક [illegible] કાઢીઓ સાહેલી રે;
ના આવ્યા નંદકીશોર ગયા મને મેલી રે. ૭
માગશર [illegible] ગયા સખી આવું રે
મને [illegible] સંદેશો કાવું રે ૮
ઘરનાં [illegible] નહીં સખી આવું રે
[illegible] સંદેશો કાવું રે. ૯
[illegible] કોણ જશે સખી આવું રે
[illegible] સંદેશો કાવું રે ૧૦
[illegible] સખી આવું રે
હાંરે [illegible] સંદેશો કાવું રે ૧૧
[illegible] સખી આવું રે
[illegible] કાળુ સંદેશો કહાવું રે. ૧૨
[illegible] સખી આવું રે
[illegible] સંદેશો કહાવું રે. ૧૩
માગશર મોટા ભગતજી સખી આવું રે
પરભુ નાગરના નંદ કીશોર. સદેશો કહાવું રે. ૧૪
પોશે પ્રભુ મુકી ગયાં શોહાવો રે
તમે નંદ જશોદાના હરી.અહીં આવો રે. ૧૫

જમનામાં ગીંદુ પડયો શો દાવો રે
પ્રભુ કાળી નાગની કાજ હરી અહીં આવો રે. ૧૬
ઇંદરે ધન વરસાવીઓ શો દાવો રે
ગોવરધન ધારકાં કાજ હરી અહીં આવો રે ૧૭
છો જાદવ અમે આહીરડાં શો દાવો રે
તે લોક લાજને કાજ હરી અહીં આવો રે. ૧૮
જમનાજીમાં ઝીલતાં શો દાવો રે
ચીર હરવાને કાજ હરી અહીં આવો રે ૧૯
વાહાલાં તે વેરી થયાં શો દાવો રે.
હરી એમ ન કીજે નાથ. હરી અહીં આવો રે. ૨૦
પાસે પ્રેમદા વલવલે શો દાવો રે
તમે જીવણ નંદકીશોર હરી અહીં આવો રે. ૨૧
મારે મળવા નાથને મન હીશે રે
હું જોઉંછું ચાદશ વાટ કાંઇ નવ દીશે રે. ૨૨
શી આવે સુખ સાંભરે મન હીશે રે
કેમ જાયે મોટી રાત કાંઇ નવ દીશે રે ૨૩
મોરલી સુણવા મારૂ મન હીશે રે.
મેં સોધ્યા ગોવાળ કાંઈ નવ દીશે રે. ૨૪
જે હશવું કરતાં નાથજી મન હીશે રે
અમે સોધું વંદ્રાવન કાંઇ. નવદીસરે. ૨૫
સપનંતર સરખુ થયું મન હીશેરે
અમે તે દુઃખ કેમ સહેવાય કાંઇ નવ દ શેરે. ૨૬
આવડું અમે જાણું નહીં મન હીશેરે
છેક અપાવી છેહ કાંઈ નવ દીશેરે. ૨૭
મારે મન વીભળથયાં મન હીશેરે.

તમે જીવણ નંદકીશોર કાંઈ નવ દીશેરે. ૨૮

ફાગણ સહુ ફરી ફરી દુખ કાપો રે

છો ગોપી જનના પ્રાંણ દરશન આપો રે. ૨૯

વસંત આવ્યા વીઠલા દુખ કાપોરે

ગુલાલે ભરયા ગોવીંદ દરશન આપો રે. ૩૦

હોળી હરખે ખેલીએ દુખ કાપોરે

રમવા સરખી રાત દરશન આપો રે. ૩૧

માથે મુગટ કર મોરલી દુખ કાપોરે.

પ્રભુ જમનાજીના તીર દરશન આપોરે. ૩૨

ગોપીઓ સહુ વરવલે દુખ કાપો રે.

એમ કહાણુ ન થઈએ કથ દરશન આપો રે. ૩૩

હરી હવે ઘણી થઇ દુખ કાપોરે

ઓચીંતા એકાંત દરશન આપો રે. ૩૪

ફાગણ ફરકે આંખડી દુખ કાપો રે.

છો જીવણ નંદકીસોર દરશન આપોરે. ૩૫

અંતર ચિંતા કરે સહુ બાળારે

સ્વામી વિજોગે દેહ પ્રગટી જવાળા રે. ૩૬

વદન કમળ સુકાઇ ગયાં સહુ બાળા રે

નવ સુજે એકે પેર પ્રગટી જવાળા રે ૩૭

શણુગાર શેજે પરહરી સહુ બાળા રે

સુકાયા સહુના ગાત્ર પ્રગટી જવાળારે. ૩૮

ઘેલી શીફરે વાનમાં સહુ બાળારે.

નાહી કૃષ્ણ વિના કાંઇ વાત પ્રગટી જવાળા રે ૩૯

ગુણગાતી ગોવીંદના સહુ બાળા રે.

વહે નેત્રે આસું ધાર પ્રગટી જવાળા રે. ૪૨

શોક સમુદ્રમાં પડી સહુ બાળા રે

તેનું રહ્યું નહીં ઠાર પ્રગટી જ્વાળા રે. ૪૧
ચઇતિરે ચીત ઠરે નહી સજ આળા રે
છો નાગર નંદ કીસોર પ્રગટી જવાળા રે. ૪૨
વઇશાખે સખી વલવલે કયાં જઇએ રે
મારે હૈયે દુખ અપાર કોને કહીએરે ૪૩
ત્રીકમજી તે તજી ગયા કયાં જઇએ રે.
વળી હસે દુરી જન લોક કોને કહીએરે. ૪૪
પ્રાણ અમારા પ્રભુ કને કયાં જઇએરે
વળી સાસુ નંણદનું સાલ કોને કહી એરે. ૪૫
સુનું સઘળું દેખીએ કયાં જઇએ રે
ગયા જીવણ પ્રાંણ આધાર કોને કહીએરે. ૪૬
કઠણ થયા છે કાંનજી કયાં જઇએ રે
હજીએ નવ જાએ પ્રાંણ કોને કહીએરે. ૪૭
પ્રેમ પંથમાં સંપડી કયાં જઇએરે
છે વાંકી સઘળી વાત કોને કહીએરે. ૪૮
વઇસાખે રાખ્યાં વેગળાં કયાં જઇએ રે
છો નાગર નંદકીસોર કોને કહીએ રે. ૪૯
જેઠ કહાવે જેખમાં કહે હરીને રે
શું અટકયા કુબજા સાથ ન આવ્યા ફરીનેરે. ૫૦
પ્રીત કરી લપટાઇ ગયો કહે હરીનેરે.
મળી મથુરાં કેરી નાર ન આવ્યા ફરીને રે ૫૧
વાંક કહાડીને વળગતાં સઉ હરીને રે
ભુલીસું હું ભગવાન ન આવ્યા ફરીને રે ૫૨
અમો અબળાનું શું ગજું કહે હરીને રે
તે તમને ન ઘટે નાથ ન આવ્યા ફરીને રે. ૫૩

વાંક શો છે વીઠલા કહે હરીને રે
દેઇ છેક ગયા છો દેહ ન આવ્યા ફરીને રે. ૫૪
મારૂ જોબનીયું એળે ગયું કહે હરીને રે
હું ક્યાં લગી રાખું ધીર ન આવ્યા ફરીને રે. ૫૫
જોઠે દેહ જોઇ ગયા કહે હરીને રે
છો નાગર નંદકીશોર ન આવ્યા ફરીને રે. ૫૬
અષાડે ઘન આવીઓ એ બની રે
થયો વીજળીનો ચમકાટ મનડુ રહેની રે ૫૭
બપઇયા પીઉ પીઉ કરે એ એની રે
મદમાતા બોલે મોર મનડુ રહેની રે. ૫૮
સેજે પીઉડા સાંભળે એ એની રે
વળી મંડયો વરશે મેહ મનડુ રહેની રે. ૫૯
લોક લાજ મેં પરહરી એ એની રે
હું જાઉં પ્રભુની પાસ મનડુ રહેની રે. ૬૦
ધીરજ મેં રાખી ઘણી એ એની રે
હજુ એ ન આવ્યા નાથ મનડું રહેની રે. ૬૧
કોઇ સંદેશો કહે મને એ એની રે
હરી આવશે આજ કાલ મનડું રહેની રે. ૬૨
અસાડે નવ આવીઆ એ એની રે
છો જીવણ નંદકીશોર મનડુ રહેની રે. ૬૩
શ્રાવણ વરશે સરવડે તે સાલે રે;
આવ્યા ચોમાસાના દન કોહો કેમ ચાલે રે ૬૪
હરિ કુબજા સાથે ખેલ કરે તે સાલે રે;
વાલે મુકી વ્રજની નાર કહો કેમ ચાલે રે. ૬૫
સંદેસો ના કાવીઓ તે સાલે રે

તમે લોક થયા માહારાજ કહો કેમ ચાલે રે. ૬૬
વહેરીડા કરે વાતડી તે સાલે રે;
મારૂં પૂરણ બાંધ્યું મન કહો કેમ ચાલે રે ૬૭
વીઠલે રાખ્યાં વેગળાં તે સાલે રે
શું નથી જાણુતા નાથ કહો કેમ ચાલે રે. ૬૮
હરી ચતુર થઇ ચુકી ગયા તે સાલે રે
ગયું જાણુપણામાં આજ કહો કેમ ચાલે રે. ૬૯
શ્રાવણ સુનો હરીવિના તે સાલે રે
છો નાગર નંદકીશોર કહો કેમ ચાલે રે ૭૦
ભાદરવો કહે ભાવશું બ્રીજ નારી રે
તમે જીત્યા જગજીવન હરી હું હારી રે. ૭૧
રમતાં રાડ કીધી હશે. બ્રીજનારી રે
તમે ક્ષમા કરો અપરાધ. હરી હું હારી રે ૭૨
મનમાંથી વ્યાકુળ થઇ બ્રીજનારી રે.
હવે દયા લાવો મહારાજ હરી હું હારી રે. ૭૩
તમે કહેશો તે કરશું અમે બ્રીજનારી રે
પ્રભુ રખે રાખતારીસ હરી હું હારી રે. ૭૪
ત્રીકમજી તમે તજી ગયા. બ્રીજનારી રે
કેમ વરસે વરસાદ હરી હું હારી રે. ૭૫
અમે અહીર અહંકાર તજ્યા બ્રીજનારી રે
તમે છો દીન દયાળહરી હું હારી રે. ૭૬
ભાદરવે ભુદર નવ મળ્યાં બ્રીજનારી રે
છો નાગર નંદકીશેર હરી હું હારી રે ૭૭
આસોમાં સખી આવશે વનમાળી રે
મારે થાશે હરી સું ભેટ આજ દીવાળી રે. ૭૮
પ્રેમ જોઇ ગોપી તણા વનમાળી રે

હરી આવ્યા કહેવાય આજ દીવાળી રે. ૭૯
ગોપી સઉ હરખે ઘણું વનમાળી રે
ઘેર ઘેર મંગળ ગાય આજ દીવાળી રે. ૮૦
ફરી ફરી મુખ નીરખતાં વનમાળી રે
સઉ હરખે ઘેલી થાય આજ દીવાળી રે. ૮૧
ગોપી પ્રેમે કરતી આરતી વનમાળી રે
વળી પ્રેમે હસતી જાય આજ દીવાળી રે ૮૨
મનોરથ સઉ પૂરણ કર્યા વનમાળી રે
થયા તે બારે માસ આજ દીવાળી રે. ૮૩
આસોમાં હરી ફરી મળ્યા વનમાળી રે
જો નાગર નંદકીશોર આજ દીવાળી રે. ૮૪

(મહીના)પડવાની પણ પ્રીત ગટમટ ભુલી રે: એ રાગ

કારતક મહીને કંથ મુકી છે આ નારી રે
તમવિના પડે ના ચેન ચીંત્તા ભારી રે. કેક ૧
માગશર મહીને હેત મુજપર લાવો રે
કહું છું પાતળીયા નાથ વેલા આવો રે ૨
પોસે પડયા છે સોસ કંથ કેમ કરીયે રે
તમ વિયોગે દીનરાત હમે મરી યેરે. ૩
માહા મહીનાની વસંત રતુ છે સારી રે
કેમ પીઉ રહ્યા પરદે શુ વિચ્યારી રે. ૪
ફાગણ માસે ફાગ ખેલે સૌ નરનારી રે
આ જોઇ રહે નહીં મન ધીરજ મારી રે. ૫
ચૈતર માસે ચીંતા બહુ મને લાગી રે
નવ આવ્યા પીઉજી ઘેર શકિત સૌભાગી રે. ૬
વૈસાખ માસે તાપ તપે છે ભારી રે

નાથ વિના એકલડી ઝુરે આ નારી રે. ૭
જેઠજ આવ્યો તોય સ્વામીના આવ્યા રે
આ દાસીનો સો વાંક હેત નહીં લાવ્યા રે. ૮
અસાડ માસે વૃષ્ટી થાય છે ભારી રે
રૂમ ઝુમ રૂમ ઝુમ થાય ઝડીઓ સારી રે, ૯
શ્રાવણે સંતાપ મારા કેમટળશે રે
સખી સો કરૂં ઉપાય હરી કેમ મળશે રે. ૧૦
ભાદરવે ભરપુર સરોવર દીઠા રે;
નવ ભાવે અન ભોજન પાક બહુ સારા રે. ૧૧
આસો મસે હદ થઇ પ્રીતમ મારા રે
પ્રભુ આપોને દરશન સુખ થાય સારાં રે. ૧૨
પુરસોતંમ પુરયા કોડ પ્રભુ ઘેર આવ્યા રે
કહે છોટો બેઉ કરજોડ જનમન ભાવ્યા રે. ૧૩

વડોદરાનો ગરબો.

ધન ધનરે વડાદરૂ શેહેર રૂપે રંગીલું. ટેક.
રૂપે રંગે છેલ છબીલું, અલબેલું અપારરે
વડોદરાનું વર્ણન કરતાં. સુણજો નરને નાર. રૂપે ૧
બહાર પરાની વસ્તી ભારે. શોભાનો નહીં પારરે:
વીનવતામાં વરપજ વીને પરા પોળ બજાર રૂપે. ૨
આકુત પરૂં અડાણિયું ને કાળુપરામાં ગઉ ખાનું રે;
ફોગટીયા સઉ ફને પરામાં દેવાળીઆનુ ઠેકાણું. રૂપે. ૩
સરશીયાની પાળજ ઉપર. જેઠીનો અખાડોરે;
અષ્ટભુજા અલબેલી ઉમાં પાછળ ગોસાઇવાડો રૂપે. ૪
સરસનાથ છે સામી પાળે, વાયડા વાડો ત્યાંયરે;

અજબ તળાવની પાળે થઇને, ચાલ્યા અચડમાં જાય. રૂપે. ૫
લાલ દરવાજે ગંજખાનું વાંદરીયો ગુરજરે,
મીયાં મહમદની વાડી જાણું, ઝળકી રહ્યો સુરજ. રૂપે. ૬
હાથીયા ખાણુને દરવાજે. કાંઇ હઠીલો હનુમાનરે;
રામતળાવની પાર ઉપર, રામેશ્વર ભગવાન. રૂપે. ૭
ધોઇયાને દરવાજે થઇને, સીંધવાઈ જવાયરે:
અગારાજાના દરવાજા સાંમી, ચોખંડી કેહેવાય. રૂપે. ૮
મરદાર બારાએ થઇને ચાલ્યા, દરશન કરવા કાજરે;
લકડપીઠું મદનના ઝાંપા, ગોસાઇજી મહારાજ. રૂપે. ૯
સોધનાથના દર્શન કીધાં, આવી ફુચ્ચાંપાળરે,
ચોરને બેઠા ગરદન મારે, બે સાંણુ ભાગોળ. રૂપે. ૧૦
બહુ પરૂં છે બાલાજીનું, ડાંડીયુ બજારરે;
સકરકુઇને ઝાંપ રૂડો, લાલ નામ સરદાર. રૂપે. ૧૧
આનંદપરામાં આવીયાંને, રાદપરાને ઝાંપેરે;
દાન દક્ષણા રૂડી થાએ, ગણપતરાવ ત્યાં આપે. રૂપે. ૧૨
ઉભી બજારની શોભા સારી આવી ખારી વાવરે:
સન્યારૂપ છે રંગે રૂડું. સુરસાગર તળાવ. રૂપે. ૧૩
વડીવાડી ધીનેકાંટે, નાગરવાડો વિહાતરે.
આદીતવારે દરશન કીજે, બેઠી બહુચર માત. રૂપે. ૧૪
ઉભે ચોકે લીમડી બજારે, રૂડી શોભા થાયરે;
મૃદંગ વાંગે નારી નાચે ઝીણે કંઠે ગાય. રૂપે. ૧૫
નીજામપરૂ ભુતડીને ઝાંપે, રોકડીયા હનુમાનરે;
સુરસાગર ગૌઘાટને દરવાજે, ત્રણુજહે કમાન. રૂપે. ૧૬
શેહેરની ત્યારે રચના દીઠી, શોભાનો નહી પારરે;
હાથી ઘોડા પાલખીઓને, વાંકડીયા અસ્વાર રૂપે. ૧૭

ચારે દીશાના ચારે ચૌટાં વચ્ચે માંડવીચોકરે.
ઉંચા મેહેલ મેડીને અટારી, છજા જરૂખાંને ગોખ   રૂપે. ૧૮
માંડવીને કમાન ચોવીસ, ચતુર કરે વેપારરે;
કાછીઆ દુકાનો માંડે. ઉભી હાથી.હાર   રૂપે. ૧૯
ચોપટ જેવા ચારે રસ્તા, સરખા સરખી ઓળરે;
પાણીને દરવાજે ઘોડા, વાઘ કરે કલોલ.   રૂપે. ૨૦
રાજે તળાવની સુંદર શોભા, જોતામાં મન મોહેરે;
નારી સહુ જળ ભરવા જાએ નવેતમ રચના હોય.   રૂપે. ૨૧
રામપરો દરવાજો કહીએ, ધાર્યું છે સનમુખરે;
પરમેશ્વરના દરશન કરતાં, જાય જનમનાં દુઃખ   રૂપે. ૨૨
લેહેરીપુરાની શેહેર સહુથી, શોભા છે ભરપુર રે;
સુરસાગર રત્નાકર જેવું, વાગે વાજું રણતુંર.   રૂપે. ૨૩
ચોથો દરવાજો ચાંપાનેરી, સરસીયાની વાટેરે;
વિસ્તારીને વાજીન કીધું, ચોકપાળને હાટે.   રૂપે. ૨૪
નગર નીરખ્યું મન હરખ્યું, રાજું થયા પ્રસન્ન;
નરસીંહજીની પોળમાં. નરસીંહનાં દરશન.   રૂપે. ૨૫
રાજ રાણી હાથીને સને, મલ્હારરાવની સુજસ માતરે;
ગોરધનનાથ બળદેવજીને, ચાલો પુરૂષોનાથ.   રૂપે. ૨૬
ખજાનાખાનું જનાનખાનું, દીવાનખાનું પાસરે;
ધરમ તણું તો ભજન કરે છે, ઉંચા મેહેલ આવાસ.   રૂપે. ૨૭
ઘણી કારીગરી કંગરીમાં, ભાત ભાતના રંગરે;
નઉતમ નારી નાચ કરેછે કોમળ તેનાં અંગ.   રૂપે. ૨૮
તરેહવારનું ટંકોરખાનું, ગોવીંદરાવનો મેહેલરે;
ગાયકવાડના રાજ આગળ, શોભા સઘળી સેહેલ.   રૂપે. ૨૯
દાદાસાહેબને નાનાસાહેબ, આપાસાહેબ માહારાજરે;

ગણુપતરાવ ઘણું જીવજોને, અખંડ રહો આ રાજ. રૂપે. ૩૦
લાઢ ગોઢ શીગોઢ નાગર, દશા વીશા વણીકરે;
સોની સાળવી સુતાર છીંપા, દરજી ઠીકા ઠીક. રૂપે. ૩૧
પુના સતારા મુંબઇ જોયું, પૂર્વ પશ્ચિમ દેશરે;
ઉત્તરમાં ઉદેપુર જોયું, પૃથ્વીના નરેશ. રૂપે. ૩૨
બુંદીકોટા દીઠું દીલ્લી, ને ગઢ ગીરનારરે;
સુરતને અમદાવાદ જોયું, કહણુ કિલ્લો ધાર. રૂપે. ૩૩
બલીહારી હું વડોદરાને ધનધન નરને નારરે;
વીરક્ષેત્ર જેને જોયું નહી, તેનો એળે ગયો અવતાર. રૂપે. ૩૪
વાંકી નારી વડોદરાની, મહારાજાને રાંકરે;
મુગ્યાનેણુંની વરણાગીથી, વળીઆ આડો આંક. રૂપે. ૩૫
શાહુકારોની દુકાનો ભારે, ધરમ તણો અવતારરે;
ખુશાલચંદ શામળ બેહેચર, લલુભાઇ શાહુકાર. રૂપે. ૩૬
રતનજી કાનદાસ કહીએ, બાંધી પુનની પાળરે;
હરીભક્તિનો મહિમા મોટો, બાંન્ત ભાઇ મેરાલ. રૂપે. ૩૭
રંગીલો જે ગરબો ગાશે, રંગીલા નર નારરે;
રંગીલા તો લોહાણાઓ લાવે, રંગબેરંગ શોભા થાય. રૂપે. ૩૮
સંવત ઓગણીસ પાંચમા ને સતરસે સીતેરરે;
નવરાત્રીમાં વરણન કીધું, વડોદરૂં જે શેહેર. રૂપે. ૩૯
રૂપે સહુ કવિને કરૂ વિનતી, કાંઇમાં દેશો ખોડરે,
વડોદરાની રક્ષા કરજો, રેવાને રણછોડ. રૂપે. ૪૦
ભગવત વાણી સાચી જાણી, મનમાં આણી ભાવરે;
વડોદરાનો ગરબો ગાતાં, સહુજન સુખીયાં થાય. રૂપે. ૪૧
બીજબાની મનગમતી કરવા, જાય શોખી જનરે;
મસ્તુબાગનો બંગલો જાણે, ઇન્દ્રનું ઇંદ્રાસન. રૂપે. ૪૨

માળાની ગરબીયો ૧.

બહયાળી ગાળો કાન, માળા ચોરીરે:
જ્યારે પુછશે સાસુ પેર, સહચર. મોરારીરે.
જો ઉઠીને છેડલો સાઉ તો વિપ્રીત ભાસે આજરે:
માણસને શું મહોડે કહીયે. નિરલજને શી લાજ મા. ૧
ગાળ પોતાનો ચોરી ખઇએ, રહીએ સાણુકટ વાળીરે:
સ્વારથે મુજ સાસુ જુવે, ચરણાગી વનમાળી મા. ૨
સાસુ મારી છે અતિ સાપણ. નાણુહલ નાર હગારીરે;
ફુલ પહેલાં ચોસર ગુંથે, કેડ ન મેલે મારી મા. ૩
પરણ્યો અમારી પેર ન જાણે, નહી રહ્યાનો હામરે;
રામકૃષ્ન પ્રભુ રંગનો રસીંગા, ચરણે રાખજો શામ. મા. ૪

ગરબી ૨.

મારી સાસુ પુછશે વાત, માળા ક્યાં ગઇ રે;
વહુ કાલની તારે કંઠે, મેં દીઠી નહીં રે. ટેક.
લાડકડી વહુ માળા તમારી. મેં કાનને કંઠે દીઠી રે;
આવડી કાચી તને કેમ કરી. વાહલી વાત કરેછે મીઠી. મા
શા માટે તુજને આપી છે, ને શા કાજે ઉધારીરે;
શા માટે મારા મંદીર પધાર, મોહન કામણગારો. મા
નાના ચંચળ ચડતે વેશે, નરનો સંગ ન ગાજેરે;
હરી સંગાથે હસતાં દેખી, હઇડાં મારાં દાઝે. મા.
હાણ થયાનું દુઃખ નથી પણ, હરી પેખે તે માહુ રે;
રામકૃષ્ન પ્રભુ રંગનો રશીયો, કદીય ન છુટે નાસુ. મા.

ગરબી ૩

મારી બઈજી છે મન માન, સમ હું ખાઈશરે;
મારી નણદલને નહી ગમે, તો મહીયરજાઈશરે.
બાઈજી મુજ વના બે માળા, ટોડલીયે ભરાવીરે;
ઘેલી થઈ ઘર કામજ લાગ્યું, વળતી વીગત ન આવી. સ
શું સમળી આકાશેથી આવી, ગગને ઘો લઈ ચાલીરે;
વંદ્રાવનમાં ગાય ગરાવતાં, ગોવી દને હાથ લાધી સ
અમે વહુવારૂ નાના માટે, બોલતાં મુખ બીજેરે;
મોહનનુ મુખ મીઠુ કરાવી, માળા માગી લીજે. સ.
ઘેરઘેરે પુછો જેજેને,બોલ્યુ ન પડે બહારરે;
રામકૃષ્ન પ્રભુ રંગના રશીયો,સખીની લે સંભાળ સ

ગરબી ૪

તારે નણદલ મોટી વાત,સમ શા ખાશોરે;
જ્યારે આવશે મારોભ્રાત,સાચા થાશોરે
કેહેના દેને મારા ભાઈને, એને કાનુડો બહુ વાલોરે;
મોહનને કાચો રડા દીસોછો, માળા અમારા વાલો. સમ.
કે હળાડાનું કરાગ્ર ફૂલ તે કયાંય આવી વિસારી રે;
તે મે કહાનને કાંઈ દીઈ, સાખ્ય છે સહીયર મારી. સમ.
હરીને નિત પ્રિતે નિરખ્યા વિના. વહુને અન ન ભાવેંગ;
શામળીયો સાંભળી થઈને. વહુજી માટે આવે. સમ.
વહુને અતિ વગો વહાલો છે,સામળીયો શામવરણુ રે;
રામકૃષ્ન પ્રભુ રંગના રશિયો, મથુરાનો ભગવાન. સમ.

પેહેલો ભાગ સમાપ્ત